મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# કુતર્કગ્રહનિવૃત્તિ બત્રીશી

## એક પરિશીલન

૨૩

: સંકલન :

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્‌યશોવિજયજી મહારાજા-
વિરચિત 'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાન્તર્ગત

# કુતર્કગ્રહનિવૃત્તિ બત્રીશી-એક પરિશીલન

(૨૩)

: પરિશીલન :

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ. મ.સા. ના
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.


: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

: આર્થિક સહકાર :

**એક સદ્‌ગૃહસ્થ - મુંબઈ**

# કુતર્કગ્રહનિવૃત્તિ બત્રીશી-એક પરિશીલન - ૨૩

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૦
નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયાશેરી :
મહીધરપુરા, સુરત - ૩૯૫૦૦૩

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**પ્રમોદ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

: આર્થિક સહકાર :
**એક સદ્ગૃહસ્થ - મુંબઈ**

: મુદ્રણ વ્યવસ્થા :
કુમાર
૨૦૩ કેન્ટ ગાર્ડન, જામલી ગલી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨. ફોન : ૩૧૦૭ ૮૫૪૦

**પરિશીલનની પૂર્વે...**

ચોથી દષ્ટિને પામ્યા પછી પાંચમી દષ્ટિને પામવા માટે જે કુતર્કગ્રહ નડે છે, તેનું સ્વરૂપ વર્ણવીને તેની નિવૃત્તિનો ઉપદેશ આ બત્રીશીમાં કરાયો છે. આ બત્રીશીના નામથી તેમાં વર્ણવેલા વિષયનો સામાન્યથી ખ્યાલ આવી જાય છે.

ચોથી દષ્ટિમાં સૂક્ષ્મબોધ હોતો નથી. કારણ કે ત્યાં અવેદ્ય-સંવેદ્યપદ હોય છે. તેને જીત્યા વિના પાંચમી દષ્ટિ પ્રાયોગ્ય સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થતો નથી. અવેદ્યસંવેદ્યપદને જીતવાના ઉપાય સ્વરૂપે અહીં કુતર્કગ્રહનિવૃત્તિનું નિરૂપણ કરાય છે. આ બત્રીશીના પ્રારંભમાં જ કુતર્કની ભયંકરતા સમજાવતાં જણાવ્યું છે કે શમ, જ્ઞાન અને શ્રદ્ધાનો સર્વથા વિનાશ કરનારો કુતર્ક છે. શમ, જ્ઞાન અને શ્રદ્ધાનું મહત્ત્વ મુમુક્ષુઓને સમજાવવાની ખરેખર જ આવશ્યકતા નથી. તેઓ તે સારી રીતે સમજે છે. મુમુક્ષુ આત્માઓએ કુતર્કમાં અભિનિવેશ રાખ્યા વિના શ્રુત, શીલ અને સમાધિમાં તે રાખવો જોઈએ.

અહીં કુતર્કની ભયંકરતા જણાવીને તેનું સ્વરૂપ વર્ણવ્યું છે. અસરપરસ યુક્તિઓનું આદાન-પ્રદાન કર્યા પછી છેલ્લે સ્વભાવવાદના શરણે કુતર્ક લઈ જાય છે. સ્વભાવવાદના કારણે તદ્દન જ અપ્રતીતિકર સ્વભાવની સિદ્ધિ પણ કુતર્કથી થતી હોય છે... ઈત્યાદિનું વર્ણન સામાન્યથી ૮ થી ૧૨ મા શ્લોક સુધીના શ્લોકથી કરવામાં આવ્યું છે. એનાથી કુતર્કની વિષમતાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે કુતર્કનો કોઈ જ ઉપયોગ નથી : એ વાતને બારમા શ્લોકથી જણાવીને તેરમા શ્લોકમાં અતીન્દ્રિયાર્થની સિદ્ધિ માટે શાસ્ત્ર જ એક ઉપાય છે-તેમ જણાવ્યું છે.

ત્યાર પછી તાત્ત્વિક રીતે મોક્ષપ્રાપક માર્ગના નિરૂપણને લઈને શાસ્ત્રમાં કોઈ ભેદ નથી તેથી મોક્ષમાર્ગમાં પણ કોઈ ભેદ નથી અને સર્વજ્ઞ પરમાત્મામાં પણ કોઈ ભેદ નથી... ઈત્યાદિનું વર્ણન લગભગ દશ શ્લોકોથી વિસ્તારપૂર્વક કર્યું છે. તે બધામાં ભેદ ન હોવા છતાં

સર્વજ્ઞપરમાત્માઓની દેશનામાં જે ફરક વર્ત્તાય છે; તેનું જે કારણ છે તેનું વર્ણન કરતી વખતે બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ : આ ત્રણ પ્રકારના બોધનું નિરૂપણ કર્યું છે. બુદ્ધિ વગેરે પૂર્વકનાં તે તે અનુષ્ઠાનોના ફળનું વર્ણન કરતી વખતે શ્રુતશક્તિને મુક્તિના કારણ તરીકે વર્ણવી છે. સાક્ષાત્ કે પરંપરાએ કોઈ પણ અનુષ્ઠાન મોક્ષનું કારણ બનતું હોય તો તેમાં શ્રુતશક્તિનો સમાવેશ મુખ્યપણે હેતુ હોય છે. શ્રી સર્વજ્ઞપરમાત્માઓની દેશના આ રીતે બુદ્ધિ વગેરેના કારણે ભિન્ન જણાતી હોવા છતાં પ્રાપ્ય મોક્ષ એક હોવાથી તેનો માર્ગ પણ એક છે... ઈત્યાદિ વસ્તુ ખૂબ જ સરસ રીતે વર્ણવી છે. જીવની યોગ્યતા મુજબ બીજાધાનાદિ માટે શ્રી સર્વજ્ઞભગવંતો તે તે નયોની પ્રધાનતાએ દેશના આપતા હોય છે. મોક્ષ કે મોક્ષમાર્ગના ભેદના કારણે નહીં.

બત્રીશીના અંતે અનુમાનને જ મુખ્ય પ્રમાણ તરીકે માનનારાને જે વિષમતા પ્રાપ્ત થાય છે તેને ખૂબ જ સારી રીતે જણાવી છે. શ્રુત-શક્તિની સામે તર્કશક્તિ તદ્દન જ સામર્થ્યહીન છે-એ ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાવીને કુતર્કથી દૂર રહેવા પ્રયત્નશીલ રહેવાની હિતશિક્ષા આપવામાં આવી છે. અહીં જે જણાવ્યું છે એનો આધાર લઈને કોઈ એમ માનતા હોય કે કપિલાદિ સર્વજ્ઞ હતા અને તેમના દર્શનમાં પણ મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે; તો તે સાચું નથી. કપિલાદિની સર્વજ્ઞતાને સિદ્ધ કરવાનું શક્ય નથી. આટલું યાદ રાખી કુતર્કની નિવૃત્તિ દ્વારા છેલ્લી ચાર દૃષ્ટિઓને પ્રાપ્ત કરી આપણે સૌ પરમાનંદની સંપદાના સ્વામી બની રહીએ-એ જ એક શુભાભિલાષા...

મુંબઈ - લાલબાગ<br>
અ.વ. ૨ : રવિવાર

આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ

## अथ प्रारभ्यते कुतर्कग्रहनिवृत्तिद्वात्रिंशिका ।

આ પૂર્વે બાવીશમી તારાદિત્રય બત્રીશીમાં અવેદ્યસંવેદ્યપદ જીતવું જોઈએ; તે જણાવ્યું છે. તેના જયથી જ કુતર્કની નિવૃત્તિ થાય છે. તે કુતર્કની નિવૃત્તિ જ અત્યંત આદર કરવા યોગ્ય છે-એ અહીં જણાવાય છે-

**जीयमानेऽत्र राज्ञीव, चमूचरपरिच्छदः ।**
**निवर्त्तते स्वतः शीघ्रं, कुतर्कविषमग्रहः ॥२३-१॥**

''રાજા જિતાયે છતે; તેની સેના અને ગુપ્તચર પુરુષોનો પરિવાર જેમ નિવૃત્ત થાય છે અર્થાદ્ જિતાય છે તેમ આ અવેદ્યસંવેદ્યપદ જિતાયે છતે કુતર્કસ્વરૂપ વિષમગ્રહ તરત જ પોતાની મેળે નિવૃત્ત થાય છે.''-આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે મહામિથ્યાત્વનું કારણ આ અવેદ્યસંવેદ્ય પદ છે. જેને અન્યત્ર પશુત્વ (પશુપણું)... વગેરે શબ્દોથી વર્ણવ્યું છે. વિવેકશૂન્ય એવી અજ્ઞાનદશા આ પદમાં ચિક્કાર છે.

આવા અવેદ્યસંવેદ્યપદને જીતવામાં આવે તો કુતર્ક સ્વરૂપ વિષમગ્રહની નિવૃત્તિ તરત જ આપમેળે થાય છે; અર્થાદ્ એને દૂર કરવા માટે ગુર્વાદિકના ઉપદેશની આવશ્યકતા રહેતી નથી. ગ્રહજેવો ગ્રહ હોવાથી અહીં કુતર્કને વિષમગ્રહ સ્વરૂપે વર્ણવ્યો છે. કારણ કે રાહુ વગેરે દૃષ્ટ અપાયના કારણ(સૂચક) હોવાથી તે જેમ ક્રૂરગ્રહ છે તેમ આ કુતર્ક પણ પ્રત્યક્ષ અપાયનો કારણ હોવાથી વિષમ ગ્રહ છે. અથવા કુતર્કનો વિષમગ્રહ અર્થાત્ કુટિલ આવેશ; આ અવેદ્યસંવેદ્યપદને જીતવાથી તરત જ સ્વયં

નિવૃત્ત થાય છે. અર્થાદ્ એને દૂર કરવા બીજો કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. રાજાને જીત્યા પછી તેની સેના વગેરે પરિવારને જીતવાનો કોઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. તેમ અહીં પણ અવેદ્યસંવેદ્યપદને જીતવાના પ્રયત્નથી જ કુતર્કવિષમગ્રહની નિવૃત્તિ થાય છે. ॥૨૩-૧॥

✧✦✧

કુતર્કનું સ્વરૂપ વર્ણવાય છે-

**शमारामानलज्वाला, हिमानी ज्ञानपङ्कजे ।**
**श्रद्धाशल्यं स्मयोल्लासः, कुतर्कः सुनयार्गला ॥२३-२॥**

"શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનું તાત્પર્ય પણ સમજી શકાય છે કે શમ સ્વરૂપ બગીચાને બાળી નાખવા માટે અગ્નિની જ્વાલા જેવો કુતર્ક છે. વિષય-કષાયની પરિણતિના અભાવની અવસ્થાને 'શમ' કહેવાય છે. અનાદિકાળથી એ પરિણતિના કારણે સંતપ્ત આત્માને શમના કારણે સંતાપને દૂર કરવાનું શક્ય બને છે. ગ્રીષ્મઋતુના તાપથી પીડાતા આત્માને બગીચામાં જેમ શીતલતા પ્રાપ્ત થાય છે તેમ અહીં શમના કારણે આત્માને શીતલતાનો અનુભવ થાય છે. આ શમસ્વરૂપ આરામને બાળી નાખવાનું કામ કુતર્ક કરે છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનમાં શંકા પડે અથવા તેમાં વિપર્યય થાય ત્યારે તેની અપ્રમાણતા સિદ્ધ કરવા માટે કુતર્ક કરવામાં આવે છે, જેના મૂળમાં પોતાની વાત પ્રત્યેનો રાગ અને શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન પ્રત્યેનો દ્વેષ પડેલો હોય છે; જે શમનો નાશ કરે છે.

જ્ઞાનસ્વરૂપ કમળના વિકાસ માટે કુતર્ક હિમ-જેવો છે. કમળ ખીલવામાં હોય ત્યારે હિમ પડે તો તે જેમ ખીલતું નથી, તેમ પૂ. પરમતારક ગુરુદેવશ્રી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાના અવસરે કુતર્ક કરવાથી જ્ઞાનનો વિકાસ અટકી જાય છે. શ્રદ્ધા માટે શલ્યજેવો કુતર્ક છે. કુતર્ક કરવાથી સામી વ્યક્તિ પ્રત્યે શ્રદ્ધાનો અભાવ જણાય છે. શ્રદ્ધા હોય તો તેનો નાશ થતાં વાર લાગતી નથી. શરીરમાં શલ્ય હોય તો તે જેમ પ્રાણઘાતક બને છે તેમ શ્રદ્ધાસ્વરૂપ પ્રાણનો ઘાત કુતર્કથી થાય છે. ધર્મનો પ્રાણ શ્રદ્ધા છે. એનો ઘાત કુતર્કથી થાય છે. જ્ઞાનના અજીર્ણ સ્વરૂપ સ્મય(અહઙ્કાર-ગર્વ)ને ઉલ્લસિત(વધારવું) કરનાર કુતર્ક છે. આપણા કરતાં મહાજ્ઞાની હોવા છતાં આપણે એની અપેક્ષાએ વિશિષ્ટ જ્ઞાની છીએ એ સિદ્ધ કરવાનું કાર્ય કુતર્કનું છે. તદ્દન ઋજુ અને સુનીતિપૂર્ણ માર્ગ હોવા છતાં-એ માર્ગે ચાલવા ના દે અને તેમાં અવરોધ ઊભો કરે એવો કુતર્ક છે. સુનયસ્વરૂપ દ્વારને અટકાવી રાખવા માટે કુતર્ક નકુચાનું કાર્ય કરે છે...ઈત્યાદિ સમજી શકાય એવું છે. ॥૨૩-૨॥

✧✦✧

ઉપર જણાવ્યા મુજબ કુતર્કનું સ્વરૂપ ભયઙ્કર છે; તેથી જે કરવું જોઈએ તે જણાવાય છે-

**कुतर्केऽभिनिवेशस्तन्न युक्तो मुक्तिमिच्छताम् ।**
**युक्तः पुनः श्रुते शीले, समाधौ शुद्धचेतसाम् ॥२३-३॥**

"પૂર્વે જણાવ્યા મુજબ અગ્નિની જ્વાલાદિ સ્વરૂપ

કુતર્ક હોવાથી મોક્ષની ઈચ્છાવાળા સંન્યાસીઓને કુતર્કમાં અભિનિવેશ(આગ્રહ) રાખવો એ ઉચિત નથી. પરંતુ શ્રુત, શીલ અને સમાધિમાં એવો અભિનિવેશ રાખવો એ મહાત્માઓને માટે યુક્ત છે.''-આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે. મોક્ષના અર્થી જનો માટે આવો કુતર્કનો આગ્રહ રાખવો એ યુક્ત નથી. મોક્ષની ઈચ્છાવાળા મહાત્માઓએ તો આગમમાં; પરદ્રોહવિરતિ સ્વરૂપ શીલમાં અને ધ્યાનના ફળભૂત સમાધિમાં અભિનિવેશ રાખવો જોઈએ.

અહીં યાદ રાખવું જોઈએ કે સામાન્યથી અભિનિવેશ-માત્ર રાખવો ના જોઈએ. પરંતુ કુતર્કના અભિનિવેશને દૂર કરવા માટે આગમાદિની પ્રત્યે અભિનિવેશ રાખ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. મિથ્યાત્વગુણસ્થાનકે ચોથી દષ્ટિમાં કુતર્કગ્રહની નિવૃત્તિ થાય; પછી જ પાંચમી દષ્ટિ પ્રાપ્ત થાય છે. એ વખતે આગમાદિની પ્રત્યેનો અભિનિવેશ સ્વતઃ દૂર થાય છે. શ્રુતનો અર્થ આગમ પ્રસિદ્ધ છે. શીલનો અર્થ પરદ્રોહની નિવૃત્તિ(વિરતિ) આ પ્રમાણે કર્યો છે, જે સદૈવ સ્મરણીય છે. શીલનો અર્થ સદાચરણ પ્રસિદ્ધ છે. શ્રી વીતરાગપરમાત્માદિનો દ્રોહ કરવામાં ન આવે તો અસદાચારથી દૂર રહી શકાય. જ્યારે પણ આપણે અસદ્ આચરણ કરીએ છીએ ત્યારે તે દેવાધિદેવાદિના દ્રોહને લઈને કરતા હોઈએ છીએ. એનો વિચાર કરવાથી સમજી શકાશે કે પરદ્રોહની વિરતિ સ્વરૂપ જ શીલ(સદાચરણ) છે અને સમાધિ ધ્યાનના ફળ સ્વરૂપ છે. ધ્યાનના વિષયનો જ્ઞાનથી અભિન્નરૂપે જે પ્રતિભાસવિશેષ છે; તેને સમાધિ

કહેવાય છે. ધ્યાન અને સમાધિનું સ્વરૂપ પાતંજલયોગ-સૂત્રાદિથી સમજી લેવું. ॥૨૩-૩॥

✧✦✧

કુતર્કમાં અભિનિવેશ યુક્ત નથી : આ વાત બીજા લોકોના વચનથી જણાવાય છે-

**उक्तञ्च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः ।**
**भावियोगिहितायोच्चैर्मोहदीपसमं वचः ॥२३-४॥**

"તપથી જેઓએ મોહસ્વરૂપ આત્મમળને દૂર કર્યો છે એવા, યોગમાર્ગના જ્ઞાતાઓએ ભવિષ્યમાં થનારા યોગીઓના હિત માટે મોહસ્વરૂપ અંધકારને દૂર કરવા ઉજ્જ્વળ દીપકસમાન એવું વચન કહ્યું છે." (જે પાંચમા શ્લોકથી જણાવાશે.)-આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રશમભાવના પ્રાધાન્યથી તપ કરવા વડે માર્ગાનુસારીબોધનો બાધક એવો મોહમળ જેમનો ક્ષીણ થયો છે-એવા અધ્યાત્મના જાણકાર પતઞ્જલિ વગેરેએ ભવિષ્યના વિવાદપૂર્ણકલિકાલના યોગી જનોના હિત માટે જે કહ્યું છે, તે વચન; મોહસ્વરૂપ(અજ્ઞાનસ્વરૂપ) અંધકારને સારી રીતે દૂર કરવા માટે પ્રદીપજેવું છે, જે આગળના શ્લોકથી જણાવાશે.

અહીં એ વિચારવું જોઈએ કે પતઞ્જલિ વગેરેને અહીં યોગમાર્ગ(અધ્યાત્મ)ના જાણકાર તરીકે વર્ણવ્યા છે. તેમને જે માર્ગાનુસારી બોધ પ્રાપ્ત થાય છે તેમાં મોહમળનો ક્ષય કારણભૂત છે અને માર્ગાનુસારી બોધના બાધક એવા મોહમળના ક્ષયનું કારણ તપ છે, જે પ્રશમપ્રધાન છે.

માર્ગાનુસારી બોધમાં બાધક એવા મોહમળનો ક્ષય પ્રશમ-પ્રધાન તપથી જ થાય છે. વિષય-કષાયની પરિણતિનું જ્યાં પ્રાધાન્ય હોય એવા તપથી એ મોહમલનો ક્ષય થઈ શકતો નથી. પતઞ્જલિ વગેરે અધ્યાત્મના જાણકારોને માર્ગાનુસારી બોધ પ્રાપ્ત થવા છતાં માર્ગના બોધમાં એમને અવરોધ નડ્યા-એ માન્યા વિના ચાલે એવું નથી. મુખ્યપણે આત્માને એકાંતે નિત્ય અપરિણામી અને ઔપચારિક બંધ...વગેરે માન્યતાને એ લોકો વરેલા હતા, જે શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલા પરમતારક માર્ગને અનુસરનારી ન હતી. તેથી જ આ પૂર્વેની બત્રીશીઓમાં યથાસ્થાને તેની અયુક્તતા ગ્રંથકાર પરમર્ષિએ જણાવી છે... ઈત્યાદિનો વિચાર કર્યા વિના આ શ્લોકનો પરમાર્થ વાસ્તવિક રીતે સમજી નહિ શકાય. મર્યાદાનું પાલન એ વાડાબંધી નથી. શ્રી વીતરાગપરમાત્માના વચનને જ સત્ય માનવા એ સંકુચિતતા નથી. અસત્યને અસત્ય માનવું એ ક્ષુદ્રતા નથી. અસદ્‌ને ન સ્વીકારવું એ તુચ્છતા નથી. અસદ્‌નું નિરાકરણ એ સાંપ્રદાયિક ઝનૂન નથી અને તાત્ત્વિક પક્ષપાત એ દૃષ્ટિરાગ નથી. વાડાબંધી, સંકુચિતતા, ક્ષુદ્રતા, તુચ્છતા, સાંપ્રદાયિક ઝનૂન અને દૃષ્ટિરાગ વગેરેને દૂર કરવાનો એકમાત્ર ઉપાય શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન પ્રત્યેનો અતૂટ વિશ્વાસ છે-એ મુમુક્ષુ આત્માઓએ નિરંતર યાદ રાખવું જોઈએ. વાડાબંધી, સંકુચિતતા... ઈત્યાદિના નામે મર્યાદાદિનું અતિક્રમણ કરવું : એ કેટલું ઉચિત છે... ઈત્યાદિ સ્વસ્થ ચિત્તે વિચારવું. ॥૨૩-૪॥

મોહાંધકારને દૂર કરવા માટે દીપકસમાન જે વચન છે તે જણાવાય છે-

**वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥२३-५॥**

"દોષથી રહિતપણે ચોક્કસ એવા વાદ અને પ્રતિવાદને બોલનારા(કરનારા) સુપ્રસિદ્ધ એવા તત્ત્વના સારને; તલને પીલનારની જેમ, ગતિ હોવા છતાં પામી શકતા નથી."-આ પ્રમાણે પાંચમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. એનો આશય એ છે કે સામાન્ય રીતે કોઈ પણ વિષયમાં મતભેદ પડે ત્યારે અર્થનિર્ણય માટે વાદ-વિવાદ થતા હોય છે. તેમાં પૂર્વપક્ષની વાતનું સમર્થન કરનાર વાદ હોય છે અને તેનું વિરુદ્ધ જે વચન છે તેને પ્રતિવાદ કહેવાય છે.

આવા વાદ અને પ્રતિવાદને નિશ્ચિતરૂપે બોલનારા અર્થાદ્ એ વખતે કોઈ પણ હેત્વાભાસસ્વરૂપ દોષ આવી ન જાય એ રીતે દોષના નિરાસ પૂર્વક બોલનારા એવા વાદી અને પ્રતિવાદીઓ તેમ જ મુમુક્ષુઓ પણ પોતપોતાના તે તે શાસ્ત્રને અનુસરીને બોલતા હોવા છતાં સુપ્રસિદ્ધ આત્માદિ તત્ત્વને જાણી શકતા નથી. આસપાસ જુએ નહિ-એ આશયથી જેની આંખો ઉપર નિયંત્રણ કરાયું છે એવા બળદ વગેરે ઘાણીમાં જોડાઈને નિત્ય ફરતા હોવા છતાં જેમ ત્યાંને ત્યાં જ હોય છે. આંખો ઉપર આવરણ હોવાથી નિત્ય ફરવા છતાં તે; કેટલું ચાલ્યો એને જાણી શકતો નથી. બસ ! આવી રીતે આ વાદી પ્રતિવાદીઓ

વગેરે પોતપોતાના પક્ષમાં અભિનિવેશથી અંધ બનેલા વિચિત્ર બોલનારા પણ; સામી વ્યક્તિ દ્વારા જેનું સમર્થન કરાય છે એવા તત્ત્વનો સ્વીકાર કરતા નથી.

અસિદ્ધ અનૈકાંતિક અને વિરુદ્ધ... વગેરે હેત્વાભાસ છે, જે હેતુજેવા જણાય છે. જેમાં સાધ્ય સિદ્ધ કરાય છે તેને પક્ષ કહેવાય છે. જે સિદ્ધ કરાય છે તે સાધ્ય છે. જેના કારણે સિદ્ધ થાય છે તે હેતુ છે અને જે દુષ્ટ હેતુ છે તે હેત્વાભાસ છે. પર્વત અગ્નિવાળો છે કારણ કે ત્યાં ધુમાડો છે. અહીં પર્વત પક્ષ છે, અગ્નિ સાધ્ય છે અને ધુમાડો હેતુ છે. જે પક્ષમાં હોતો નથી; એવા દુષ્ટ હેતુને અસિદ્ધ કહેવાય છે. જેમ 'જલ અગ્નિવાળું છે, કારણ કે ત્યાં ધુમાડો છે.' અહીં ધુમાડો અસિદ્ધ છે. જે પક્ષ અને વિપક્ષ(સાધ્યાભાવવાળો) બંન્નેમાં હોય છે તે હેતુ અનૈકાંતિક છે. જેમ 'પર્વતમાં ધુમાડો છે; કારણ કે ત્યાં અગ્નિ છે.' અહીં અગ્નિ હેતુ અનૈકાંતિક છે, કારણ કે તે પર્વત અને તપેલું લોઢું બંન્નેમાં છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. અહીં તો સામાન્યથી જ જણાવ્યું છે. ॥૨૩-૫॥

✧✦✧

કુતર્કમાં અભિનિવેશ યુક્ત નથી એ જ જણાવાય છે-

**विकल्पकल्पनाशिल्पं, प्रायोऽविद्याविनिर्मितम् ।**
**तद्योजनामयश्चात्र, कुतर्कः किमनेन तत् ॥२३-६॥**

"પ્રાયઃ વિકલ્પોની કલ્પનાનું શિલ્પ અવિદ્યાથી

વિનિર્મિત હોય છે અને વિકલ્પોની કલ્પનાની યોજનામાં તત્પર કુતર્ક હોય છે. તેથી અહીં યોગમાર્ગની સાધનામાં તેનાથી સર્યું.''-આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે વિકલ્પો બે પ્રકારના છે. શબ્દવિકલ્પો અને અર્થવિકલ્પો. શબ્દની અને અર્થની મુખ્યતાએ જ્યારે તેના સ્વરૂપની શૂન્યતા પ્રતીત થાય છે; ત્યારે ત્યાં અનુક્રમે શબ્દવિકલ્પ અને અર્થવિકલ્પ હોય છે. સામાન્ય રીતે આ વંધ્યાનો પુત્ર જાય છે... ઈત્યાદિ સ્થળે શબ્દવિકલ્પ હોય છે અને આત્મા એકાંતે નિત્ય છે કે અનિત્ય છે ?... ઈત્યાદિ સ્થળે અર્થવિકલ્પ છે.

બહુલતયા આવા વિકલ્પોનું કલ્પનાશિલ્પ(રચના) જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદયથી થતું હોય છે. કુતર્ક તો વિકલ્પોની યોજનાના સ્વરૂપવાળો હોવાથી અર્થાદ્ વિકલ્પોના પ્રવાહ સ્વરૂપ હોવાથી મુમુક્ષુ આત્માઓ માટે તે તદ્દન નિરર્થક છે. કારણ કે જેનું ઉપાદાન(પ્રકૃતિ) કારણ દુષ્ટ છે તે સત્કાર્યનો હેતુ ન બની શકે. ॥૨૩-૬॥

✧✦✧

કુતર્કની અયુક્તતા સ્પષ્ટ કરાય છે-

**जातिप्रायश्च बाध्योऽयं प्रकृतान्यविकल्पनात् ।**
**हस्ती हन्तीतिवचने प्राप्ताप्राप्तविकल्पवत् ॥२३-७॥**

''દૂષણાભાસજેવો આ કુતર્ક પ્રતીતિ અને ફળથી બાધ્ય બને છે. કારણ કે 'હાથી હણે છે'-આ પ્રમાણે કહ્યા પછી 'તે પ્રાપ્તને હણે છે કે અપ્રાપ્તને હણે છે ?' આવા પ્રકારના વિકલ્પની જેમ પ્રકૃતાન્ય(અપ્રસ્તુત)ને લઈને કલ્પના

કરાય છે.''-આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે-સામાન્ય રીતે બીજાની વાતને અસત્ય પુરવાર કરવાના ઈરાદે કુતર્ક કરવામાં આવતા હોય છે. બીજાની વાતમાં કોઈ દોષ ન હોવા છતાં તેમાં દોષનું ઉદ્ભાવન કરવા સ્વરૂપ કુતર્ક છે. તેથી તે ખરી રીતે તો દૂષણ ન હોવા છતાં બીજાની વાતમાં જે દૂષણ જણાવાય છે તે વસ્તુતઃ દૂષણાભાસસ્વરૂપ(જાતિપ્રાયઃ) હોય છે.

આવા કુતર્કથી જે જણાવાય છે તેનાથી વિપરીત જ પ્રાયઃ પ્રતીતિ થતી હોય છે. તેથી પ્રતીતિના કારણે તેનો બાધ થતો હોવાથી કુતર્ક જ બાધ્ય બન્રે છે. જે ફળની ઈચ્છાથી કુતર્ક પ્રયુક્ત હોય છે તે ફળ પ્રાપ્ત થતું ન હોવાથી વિવક્ષિત ફળનો પણ બાધ થાય છે, તેને લઈને કુતર્ક પણ બાધ્ય બને છે. આ રીતે પ્રતીતિ અને ફળ : બંન્નેને લઈને કુતર્ક બાધ્ય બને છે. કારણ કે પ્રસ્તુત વાતને છોડી દઈને અપ્રસ્તુત વાતને અનુલક્ષી ત્યાં વિકલ્પ કરાય છે. પ્રકૃત (નિરૂપણની વિષયભૂત) વાતને છોડીને બીજી વાતને અનુલક્ષી અર્થાદ્ ઉપાદેય, હેય અને જ્ઞેયાદિથી બીજી બીજી વાતને અનુલક્ષી જેનું કોઈ પ્રયોજન નથી એવા, વસ્તુના અંશની કલ્પના અહીં કરાય છે. આ વાતને સ્પષ્ટ કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી દૃષ્ટાંત જણાવ્યું છે, જેનું તાત્પર્ય નીચે જણાવ્યા મુજબ છે.

હાથી ઉપર બેસેલા મહાવતે ન્યાયના વિદ્યાર્થીને કહ્યું કે 'હાથી હણે છે.' ત્યારે તે વિદ્યાર્થીએ કહ્યું કે 'હાથીને જે અડકે છે તેને હણે છે કે નહિ અડકનારને હણે છે ? જો હાથી પ્રાપ્તને (સ્પર્શ કરનારને) હણે તો તને પણં હણે અને

જો અપ્રામને હણે તો તારા સિવાય સમગ્ર વિશ્વને હણે.'- આ પ્રમાણે-બોલતા એવા એ ન્યાયના વિદ્યાર્થીને હાથીએ પકડ્યો. ત્યારે મહાવતે માંડ છોડાવ્યો. આથી સમજી શકાશે કે કુતર્ક; પ્રતીતિ અને ફળ : બંન્નેથી બાધ્ય છે. તેને કરવાનું કોઈ પણ રીતે ઉચિત જ નથી. આમ છતાં તે તે દર્શનને માનનારા એવા તાદશ વિકલ્પને કરનારાને જ્યારે કુતર્કસ્વરૂપ હાથી ગ્રહણ કરે છે, ત્યારે તેઓને સદ્ગુરુ સ્વરૂપ મહાવત છોડાવે છે. એ પરમતારક સદ્ગુરુભગવંતની કરુણાનો કોઈ પાર નથી. ॥૨૩-૭॥

✧✦✧

કુતર્કનું સ્વરૂપ જણાવાય છે. અર્થાત્ તેને જાણવાનો ઉપાય જણાવાય છે-

**स्वभावोत्तरपर्यंत, एषोऽत्रापि च तत्त्वतः ।**
**नार्वाग्दृग्ज्ञानगम्यत्वमन्यथान्येन कल्पनात् ॥२३-८॥**

"છેલ્લે સ્વભાવસ્વરૂપ ઉત્તરવાળો આ કુતર્ક છે. એ સ્વભાવ પણ તત્ત્વથી (વાસ્તવિક રીતે) છદ્મસ્થોના જ્ઞાનથી જાણી શકાય એવો નથી. કારણ કે એકે કલ્પેલા સ્વભાવથી જુદી રીતે તે સ્વભાવ બીજા વડે કલ્પાય છે."-આ પ્રમાણે આઠમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે વાદી જે વાત કરે એના ઉત્તરરૂપે પ્રતિવાદી કુતર્કથી વાત કરે; એની સામે વાદી પાછો કુતર્ક કરે; તેની સામે પણ પ્રતિવાદી પાછો કુતર્ક કરે... આમ કુતર્કની હારમાળા ચાલે. અંતે થાકીને 'આ પ્રમાણે એનો સ્વભાવ છે.' એમ કહીને કુતર્કની પરંપરાને અટકાવાય છે. આથી સમજી

શકાશે કે 'સ્વભાવ' છે અંતે ઉત્તર જેમાં એવો આ કુતર્ક છે. અન્યત્ર એ પ્રમાણે જણાવ્યું છે કે 'વસ્તુના સ્વભાવથી ઉત્તર જણાવવો...'

યદ્યપિ એ રીતે વસ્તુના સ્વભાવથી ઉત્તર આપવામાં કોઈ દોષ નથી. કારણ કે અગ્નિ ઉષ્ણ છે, જલ શીત છે... ઈત્યાદિમાં હેતુ તરીકે સ્વભાવને જણાવાય છે; પરંતુ સર્વજનપ્રસિદ્ધ પ્રત્યક્ષસિદ્ધ વસ્તુમાં સ્વભાવસ્વરૂપ ઉત્તર આપવામાં દોષ નથી, પણ જ્યાં એકે જણાવેલા સ્વભાવને બીજો ભિન્નસ્વરૂપે જણાવે ત્યારે છદ્મસ્થ આત્માઓ વાસ્તવિક રીતે તે તે વસ્તુના તથાસ્વભાવને પોતાના જ્ઞાનથી જાણી શકતા નથી. તેથી અપ્રસિદ્ધ અતીન્દ્રિય અર્થના જ્ઞાન માટે સ્વભાવસ્વરૂપ ઉત્તર કુતર્કને જ જણાવે છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૩-૮॥

✧✦✧

બીજી રીતે કલ્પેલા સ્વભાવને તેનાથી વિપરીત રીતે બીજો વાદી સ્વભાવની કલ્પના કરે છે તે જણાવાય છે. અર્થાદ્ આઠમા શ્લોકમાં ઉત્તરાર્દ્ધથી જણાવેલી વાત સ્પષ્ટ કરાય છે-

**अपां दाहस्वभावत्वे, दर्शिते दहनान्तिके ।**
**विप्रकृष्टेऽप्ययस्कान्ते, स्वार्थशक्तेः किमुत्तरम् ? ॥२३-९॥**

"દૂરવર્ત્તી લોહચુંબક લોઢાને ખેંચવાનું કાર્ય કરતો હોવાથી; અગ્નિ સમીપે પાણીનો સ્વભાવ બાળવાનો છે- એમ જણાવવામાં આવે તો તેની સામે કયો ઉત્તર છે ?"- આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે

કે પાણીનો સ્વભાવ શીત છે; આ પ્રમાણે જણાવનારા વાદીની પ્રત્યે કુતર્ક કરનાર પ્રતિવાદી એમ કહે કે અગ્નિની સમીપમાં પાણીનો સ્વભાવ બાળવાનો છે, તો તેને કયો ઉત્તર છે ? કારણ કે; આ અવસરે વાદી એમ કહે કે પાણીનો સ્વભાવ તો શીત જ છે. પરંતુ ત્યાં અગ્નિ નજીક હોવાથી અને પાણી દૂર હોવાથી પાણીનો શીત સ્વભાવ જણાતો નથી. ત્યારે તેના અનુસંધાનમાં પ્રતિવાદી જણાવે કે સ્વભાવ માટે એ નિયમ નથી કે એ(પાણી વગેરે) દૂર ન હોવું જોઈએ. દૂર રહેલો લોહચુંબક તેના સ્વભાવ મુજબ લોઢાને ખેંચે છે. તેથી પ્રત્યક્ષવિરોધનો પરિહાર થઈ શકે છે. વિપ્રકર્ષમાત્ર(દૂર હોવું તે) સ્વભાવ માનવામાં વિરોધી નથી. અર્થાત્ સ્વભાવ નહિ માનવામાં એ પ્રયોજક નથી. તેથી અયસ્કાંત(લોહચુંબક)ની જેમ અગ્નિની સમીપે પાણીનો સ્વભાવ બાળવાનો છે-આ પ્રમાણે કુતર્કવાદીના કથનમાં કયો ઉત્તર આપી શકાય ? કારણ કે સ્વભાવસ્વરૂપ ઉત્તરમાં પ્રશ્નોત્તર હોતા નથી. પાણીના શૈત્યસ્વભાવમાં અને દાહસ્વભાવમાં કોઈ પ્રબળ પ્રમાણ નથી. આ વાતને જણાવતાં યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૯૩-૯૪) ફરમાવ્યું છે કે-

અર્વાગ્દૃષ્ટિવાળા-છદ્મસ્થો અધિકૃત(ચોક્કસ) એક સ્વભાવ કયો છે તે જાણી શકતા નથી. તેથી અગ્નિ ભીંજવે છે-આ પ્રમાણે કહીને પ્રત્યક્ષથી બાધદોષ હોવાથી તેના પરિહાર માટે તે કહે કે પાણીના સન્નિધાનમાં. તેમ જ પાણી બાળે છે-આ પ્રમાણે કહીને; થતા પ્રતીતિના બાધના પરિહાર માટે કહે કે અગ્નિના સન્નિધાનમાં. આ પ્રમાણે

અગ્નિ અને પાણીનો તેવો સ્વભાવ જયારે પરવાદી જણાવે... ત્યારે-

શુષ્કતર્કયુક્તિથી અગ્નિ અને પાણીના સ્વભાવને જાણવા માટે સોગંદ ખાવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. આવા પ્રસંગે કોઈ એમ કહે કે ''અગ્નિ અને પાણી દૂર હોવાથી અનુક્રમે પાણી અને અગ્નિના સન્નિધાનમાં બાળતો નથી અને ભીંજવતું નથી.''-આના જવાબમાં કુતર્કવાદી વિપ્રકૃષ્ટ અયસ્કાન્તનું દૃષ્ટાંત આપે છે, જેનો આશય આ પૂર્વે ઉપર જણાવ્યો છે. લોકમાં પણ એ મુજબ પ્રસિદ્ધ છે. અયસ્કાંત(લોહચુંબક) દૂરથી જ ખેંચે છે, નજીકથી નહિ. લોઢાને જ ખેંચે છે, તાંબાને નહિ. ખેંચે જ છે, કાપતો નથી... આથી સમજી શકાશે કે છદ્મસ્થ આત્માને વિવક્ષિત એક સ્વભાવના જ્ઞાન માટે કોઈ જ ઉપાય નથી. અગ્નિ વગેરેના ભીંજપવાદિ સ્વભાવની કલ્પનાનો બાધ કઈ રીતે થાય ? અર્થાત્ કોઈ પણ રીતે એ કાર્ય(કલ્પનાનો બાધ) કોઈથી પણ નહીં થાય. ॥૨૩-૯॥

✧✦✧

કુતર્કનો બાધ કરવા માટે જણાવેલા ઉપાયનું નિરાકરણ કરાય છે-

**दृष्टांतमात्रसौलभ्यात्, तदयं केन बाध्यताम् ।**
**स्वभावबाधने नालं, कल्पनागौरवादिकम् ॥२३-१०॥**

''કુતર્કથી બીજી રીતે સ્વભાવની કલ્પના કરવામાં બધા જ પ્રકારનાં દૃષ્ટાંતો સુલભ હોવાથી તે કુતર્કને કોણ નિવારે ? (**बाध्यताम्** ના સ્થાને શ્લોકમાં **वार्यताम्** આવો

પાઠ હોવો જોઈએ.) સ્વભાવનો બાધ કરવામાં કલ્પનાગૌરવ વગેરે સમર્થ નથી.''-આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જગત્પ્રસિદ્ધ છે કે અગ્નિનો દાહકત્વ સ્વભાવ છે અને પાણીનો શીતસ્વભાવ છે. આમ છતાં કુતર્કથી પાણીના સાન્નિધ્યમાં અગ્નિનો શૈત્ય સ્વભાવ છે અને પાણીનો અગ્નિના સાન્નિધ્યમાં દાહકત્વ સ્વભાવ છે... ઈત્યાદિ સિદ્ધ કરવામાં અનેક પ્રકારનાં દૃષ્ટાંત સુલભ હોવાથી અન્યથા(લોકપ્રસિદ્ધથી જુદી રીતે) સ્વભાવની કલ્પના કરનાર કુતર્કને કોણ અટકાવી શકે ? અર્થાત્ કોઈ અટકાવી ન શકે.

એવા કુતર્કને અન્યથાસ્વભાવની કલ્પના કરતા અટકાવવા માટે એમ કહેવામાં આવે કે કલ્પનાગૌરવ અને લાઘવજ્ઞાન... વગેરે અટકાવી શકે છે. પરંતુ અન્યથા-સ્વભાવની કલ્પનાનો બાધ કરવાનું સામર્થ્ય કલ્પના-ગૌરવ... વગેરેમાં નથી. કારણ કે હજારો કલ્પનાથી પણ સ્વભાવમાં પરિવર્ત્તન અશક્ય છે. આશય એ છે કે પાણીના અને અગ્નિના સન્નિધાનમાં અનુક્રમે અગ્નિના અને પાણીના શૈત્ય અને દાહકત્વ સ્વભાવની કલ્પના કરવાની અપેક્ષાએ અગ્નિ અને પાણીના અનુક્રમે દાહકત્વ અને શૈત્ય સ્વભાવની કલ્પના કરવામાં ઔચિત્ય છે-આ પ્રમાણે કહેવામાં આવે તોપણ માત્ર કલ્પના કરવાથી સ્વભાવમાં પરિવર્ત્તન શક્ય નથી. તેથી જ અગ્નિ અને પાણીના અનુક્રમે દાહકત્વ અને શૈત્ય સ્વભાવની કલ્પના કરવામાં લાઘવ છે...આવા પ્રકારના કલ્પનાલાઘવથી પણ; જે જેનો સ્વભાવ છે તેનો તેનાથી બીજા સ્વભાવની કલ્પના કરવાનું શક્ય નથી.

યદ્યપિ-"જે સ્વભાવ સહજ છે તેમાં કલ્પના કરવાથી પરિવર્ત્તન શક્ય નથી- એ વાત માની લઈએ; પણ પોતાનો ભાવ એટલે કે નિયતકારણતાદિ સ્વરૂપ તે તે કાળે ઉત્પન્ન થનાર ધર્મ-એ સ્વભાવ છે. એ સ્વભાવની કલ્પના કરતી વખતે કલ્પનાના લાઘવના જ્ઞાનથી તેવા પ્રકારના સ્વભાવની કલ્પના કરાય છે અને ત્યારે કલ્પનાના ગૌરવના જ્ઞાનથી બીજી રીતે કલ્પેલા સ્વભાવને માનવામાં આવતો નથી. એ મુજબ પાણી અને અગ્નિનો અનુક્રમે શૈત્ય અને દાહકત્વ સ્વભાવ માનવામાં આવે છે અને અનુક્રમે તેનાથી વિપરીત એવો દાહકત્વ અને શૈત્ય સ્વભાવ માનવામાં આવતો નથી. કારણ કે ત્યાં કલ્પનાનું ગૌરવજ્ઞાન બાધક બને છે"- આ પ્રમાણે કહી શકાય છે.

પરંતુ 'તેવા પ્રકારનું ગૌરવ અપ્રામાણિક છે.' એ સમજવાનું શક્ય બનતું નથી; અને જો એ ગૌરવ પ્રામાણિક હોય તો તે દોષાવહ નથી. કારણ કે પ્રામાણિક ગૌરવ દોષાવહ નથી... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. અહીં તો માત્ર દિશાસૂચન જ છે. ॥૨૩-૧૦॥

✧✦✧

અન્યથાસ્વભાવના વિકલ્પક એવા કુતર્કને જે રીતે દૃષ્ટાંત સુલભ બને છે-તે સ્પષ્ટ કરાય છે-

**द्विचन्द्रस्वप्नविज्ञाननिदर्शनबलोत्थितः ।**
**धियां निरालम्बनतां, कुतर्कः साधयत्यपि ॥२३-११॥**

"શ્લોકાર્થ સ્પષ્ટ છે કે, "બે ચંદ્ર અને સ્વપ્નના વિજ્ઞાન સ્વરૂપ ઉદાહરણના બળે ઉત્પન્ન થયેલો કુતર્ક સઘળાં

ય જ્ઞાનોની અસદ્‌વિષયતાને પણ સિદ્ધ કરે છે.'' આશય એ છે કે દૃષ્ટાંતના બળે કુતર્ક ગમે તે વસ્તુને સિદ્ધ કરી શકે છે. આંખના રોગીને આકાશમાં બે ચંદ્ર દેખાય છે, પરંતુ આકાશમાં બે ચંદ્રો હોતા નથી, તેમ જ સ્વપ્નમાં આપણને અનેક વિષયો દેખાતા હોય છે, પરંતુ તેમાંનો એક પણ વિષય હોતો નથી-એ સ્પષ્ટ છે.

આ રીતે દ્વિચંદ્રજ્ઞાન અને સ્વપ્નવિજ્ઞાન-આ બેને દૃષ્ટાંત બનાવીને કુતર્ક, જ્ઞાનને નિરાલંબન સિદ્ધ કરી શકે છે. એનો કહેવાનો આશય એ છે કે જ્ઞાન જ એક સદ્ છે. તેમાં પ્રતીયમાન(જણાતા) ઘટ પટ વગેરે વિષયો અસત્ છે. જે જ્ઞાનમાં પ્રતીયમાન છે, તે અસત્ છે. દ્વિચન્દ્રાદિ-જ્ઞાનમાં પ્રતીયમાન દ્વિચન્દ્રાદિ જેમ અસત્ છે તેમ બાહ્ય ઘટ પટ...વગેરે જણાતા વિષયો અસત્ છે. આ રીતે બધા જ જ્ઞાનના વિષયો અસત્ છે-એ સિદ્ધ કરી શકાય છે. તેથી જ્ઞાનમાત્રમાં અલીક(અસત્, અસત્ય)વિષયતા પણ કુતર્ક સિદ્ધ કરી શકે છે... ઈત્યાદિ સમજી શકાય છે.

॥૨૩-૧૧॥

✧✦✧

કુતર્કથી ઉપર જણાવ્યા મુજબ ગમે તેની સિદ્ધિ થાય છે તેથી તેના વડે તત્ત્વસિદ્ધિ થતી નથી; તત્ત્વ-સિદ્ધિમાં તેનું કોઈ પ્રયોજન નથી, તે જણાવાય છે-

**तत्कुतर्केण पर्याप्तमसमञ्जसकारिणा ।**
**अतीन्द्रियार्थसिद्ध्यर्थं, नावकाशोऽस्य कुत्रचित् ॥२३-१२॥**

''કુતર્કથી ગમે તેની સિદ્ધિ થાય છે; તેથી

અસમઞ્ઝસને કરનારા કુતર્કથી સર્યું. અતીન્દ્રિયાર્થ- (ધર્માદિ) ની સિદ્ધિ માટે કુતર્કને ક્યાંય અવકાશ નથી.''-આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ જ છે કે ઉપર જણાવ્યા મુજબ દૃષ્ટાંતના બળે કુતર્કથી ગમે તેને સિદ્ધ કરી શકાય છે. તેથી જે અર્થ પ્રતીતિથી બાધિત થાય છે; એવા પણ અર્થને સિદ્ધ કરવામાં તત્પર એવા અસમંજસ કાર્ય કરનાર કુતર્કની કોઈ જ આવશ્યકતા નથી.

અતીન્દ્રિય ધર્મ અને મોક્ષાદિની સિદ્ધિ માટે કોઈ પણ સ્થાને કુતર્કને અવસર જ નથી. જે જે અર્થો પ્રત્યક્ષ-સિદ્ધ છે; એની સિદ્ધિ માટે વસ્તુતઃ કોઈની જ આવશ્યકતા નથી. પરંતુ જે જે અતીન્દ્રિય ધર્માદિ સ્વરૂપ અર્થ છે; એની સિદ્ધિ માટે ખરેખર જ પ્રમાણવિશેષની અપેક્ષા છે. પણ ત્યાં કુતર્ક તદ્દન જ નિરર્થક છે. કારણ કે એનાથી, પ્રતીતિથી બાધિત થયેલા એવા પણ અર્થની સિદ્ધિ કરી શકાય છે અને તેથી મુમુક્ષુ આત્માઓના અશ્રદ્ધામલનું પ્રક્ષાલન થવાના બદલે તે મલ વધવા માંડે છે.

॥૨૩-૧૨॥

✧✦✧

અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે કુતર્કનો અવકાશ નથી તો તેની સિદ્ધિ માટે કોનો અવકાશ છે-આ આશઙ્કામાં જણાવાય છે-

**शास्त्रस्यैवावकाशोऽत्र, कुतर्काग्रहतस्ततः ।**
**शीलवान् योगवानत्र, श्रद्धावांस्तत्त्वविद् भवेत् ॥२३-१३॥**

''અતીન્દ્રિયાર્થની સિદ્ધિમાં શાસ્ત્રનો જ અવકાશ

છે; તેથી કુતર્કના ગ્રહને કર્યા વિના શાસ્ત્રના વિષયમાં; શીલવાન યોગવાન અને શ્રદ્ધાવાન તત્ત્વના જાણકાર બને છે.''-આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સમજી શકાય છે કે અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિનું સામર્થ્ય શુષ્કતર્કમાં નથી. એ સામર્થ્ય માત્ર શાસ્ત્રમાં હોવાથી અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ માટે શાસ્ત્રનો જ અવકાશ છે.

યોગદષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૯૯) આ અંગે ફરમાવ્યું છે કે-અતીન્દ્રિય અર્થ આગમનો જ વિષય છે. કારણ કે આગમથી જ અતીન્દ્રિય અર્થની ઉપલબ્ધિ થાય છે. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણાદિ સ્વરૂપ જે લૌકિક (લોક-પ્રસિદ્ધ) અર્થ છે તેનું યથાર્થજ્ઞાન આગમ કરાવે છે. એ રીતે બીજા પણ ધર્માદિ સ્વરૂપ અતીન્દ્રિય અર્થની સિદ્ધિ આગમથી જ થઈ શકે છે. તેથી કુતર્કગ્રહ કર્યા વિના જેઓ પરદ્રોહથી વિરામ પામેલા છે; યોગમાં સદા તત્પર છે અને પ્રાજ્ઞ છે; તેઓ શાસ્ત્રના વિષયમાં અતીન્દ્રિય ધર્માદિ અર્થના જ્ઞાતા થાય છે. શાસ્ત્રના વિષયભૂત અતીન્દ્રિય અર્થના પારમાર્થિક જ્ઞાન માટે પરદ્રોહનો ત્યાગ કરવો આવશ્યક છે. શાસ્ત્રનું જ્ઞાન ગુરુભગવંતની પાસેથી પ્રાપ્ત થાય છે. બીજાનો(ગુર્વાદિનો) જે દ્રોહ કરે છે, તેને પૂ. ગુર્વાદિક જ્ઞાનનું પ્રદાન કરતા નથી. તેમ જ જેઓ યોગતત્પર નથી અને સદા વિષયોપભોગમાં તત્પર હોય છે, તે લોકોને પણ પૂ. ગુર્વાદિક તેવા પ્રકારના શાસ્ત્રનું જ્ઞાન આપતા નથી. કારણ કે જ્ઞાન વિરતિ માટે છે, અવિરતિ માટે નથી. શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધાવદ્ જ્ઞાનની (બુદ્ધિની) અપેક્ષા છે. બુદ્ધિ સારી હોવા છતાં ઘણી વાર શ્રદ્ધાના

અભાવે માર્ગનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આથી ઉચિત જ છે કે અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિ માટે શીલાદિમાન બનવું જોઈએ. ॥૨૩-૧૩॥

✧✦✧

અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે શાસ્ત્ર સિવાય બીજો કોઈ ઉપાય નથી. પરંતુ શાસ્ત્રો જ કંઈકિટલીય જાતિનાં છે. તેથી ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં શ્રદ્ધા કઈ રીતે થાય ?-આ શઙ્કાનું સમાધાન કરાય છે-

**तत्त्वतः शास्त्रभेदश्च, न शास्तॄणामभेदतः ।**
**मोहस्तदधिमुक्तीनां, तद्भेदाश्रयणं ततः ।।२३-१४।।**

"શાસ્ત્રકારપરમર્ષિઓમાં કોઈ ભેદ ન હોવાથી તત્ત્વને આશ્રયીને તેઓશ્રીનાં બનાવેલાં શાસ્ત્રોમાં પણ કોઈ ભેદ નથી તેથી શાસ્ત્રકારશ્રીમાં જેમને શ્રદ્ધા છે; એવા મુમુક્ષુઓ જો શાસ્ત્રને ભિન્ન ભિન્ન માને તો તે તેમનું અજ્ઞાન છે."- આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે તત્ત્વને આશ્રયીને અર્થાદ્ ધર્મવાદની અપેક્ષાએ તાત્પર્ય ગ્રહણ કરવાના કારણે ખરી રીતે શાસ્ત્રમાં કોઈ ભેદ નથી. બધાનું તાત્પર્ય એક જ છે. ધર્મના પ્રણેતાઓમાં કોઈ ભેદ ન હોવાથી ધર્મના તાત્પર્યમાં ભેદ નથી. ધર્મપ્રણેતાઓ જીવવિશેષની યોગ્યતા મુજબ તે તે નયસાપેક્ષ દેશના આપતા હોવાથી; તે દેશનાના ભેદના કારણે કોઈ વાર ધર્મના પ્રણેતાઓમાં ભેદ જણાય. પણ તે વાસ્તવિક નથી આભિમાનિક છે. આથી જ આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાયું છે કે શાસ્ત્ર અને તેના પ્રણેતાઓમાં

ઉપર જણાવ્યા મુજબ વાસ્તવિક ભેદ ન હોવાથી જેમને શાસ્ત્રકારશ્રીની પ્રત્યે શ્રદ્ધા છે; એ શ્રદ્ધાળુઓ જો શાસ્ત્ર-કર્ત્તાઓમાં ભેદ સ્વીકારે તો તે તેમનો મોહ(અજ્ઞાન) છે. અર્થાત્ તે તે શાસ્ત્રકર્ત્તાઓમાં ભેદનો સ્વીકાર મોહથી થાય છે. મોહજન્ય તાદશ ભેદાશ્રયણ પ્રામાણિક નથી.

॥૨૩-૧૪॥

✧✦✧

શાસ્ત્રકર્ત્તાઓમાં ભેદ નથી : એનું કારણ જણાવાય છે-

**सर्वज्ञो मुख्य एकस्तत्प्रतिपत्तिश्च यावताम् ।**
**सर्वेऽपि ते तमापन्ना, मुख्यं सामान्यतो बुधाः ॥२३-१५॥**

"સર્વજ્ઞ મુખ્યપણે એક છે. તે તે દર્શનમાં રહેલા જેટલા પણ પ્રાજ્ઞો સર્વજ્ઞની ભક્તિ કરે છે તે બધા મુખ્ય એક જ સર્વજ્ઞને સામાન્યથી આશ્રયીને રહેલા છે."-આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે તાત્ત્વિક-આરાધનાના વિષય સ્વરૂપ (આરાધ્ય) સર્વજ્ઞ એક જ છે. કારણ કે સર્વજ્ઞસ્વરૂપે આરાધનાના વિષય બનેલા બધા સર્વજ્ઞોની સર્વજ્ઞત્વજાતિ સમાન-એક જ છે. આ વાતને જણાવતાં યોગદષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૦૩) ફરમાવ્યું છે કે-"શ્રી અરિહંતપરમાત્માદિ જે કોઈ પણ પારમાર્થિક જ સર્વજ્ઞ છે, તે તાત્ત્વિક રીતે ઋષભાદિ નામનો ભેદ(વ્યક્તિનો ભેદ) હોવા છતાં એક જ છે."

તે તે દર્શનમાં રહેલા જેટલા પણ પ્રાજ્ઞ પુરુષો શ્રી સર્વજ્ઞપરમાત્માની પ્રત્યે ભક્તિ આચરે છે; તે બધા જ

પ્રાજ્ઞ પુરુષો, વિશેષને આશ્રયીને કોણ સર્વજ્ઞ છે... ઈત્યાદિનો નિર્ણય ન હોવા છતાં સામાન્યથી મુખ્ય એવા સર્વજ્ઞપરમાત્માનો જ આશ્રય કરીને રહેલા છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવા ગુણવાન હોવાથી પરમાત્માની જે ભક્તિ કરાય છે, તે વસ્તુતઃ શ્રીસર્વજ્ઞવિષયક હોય છે. સર્વોત્કૃષ્ટ ગુણવત્તાનું અવગાહન કરી (સર્વ પ્રકારે જાણીને) પરમાત્માને શ્રી સર્વજ્ઞ તરીકે સ્વીકારવા : એ જ પરમાત્માની ભક્તિ છે. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૦૪) આ અંગે જણાવ્યું છે કે-જેટલા પણ પરદર્શનીઓ સામાન્યથી સર્વજ્ઞ પરમાત્માની પ્રતિપત્તિ કરે છે, તે બધા જ મુખ્ય શ્રી સર્વજ્ઞ પરમાત્માના જ આશ્રયે રહેલા છે. આ જ શ્રેષ્ઠ ન્યાયાનુસરણ છે. આ રીતે સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે સ્વીકાર્યા વિના સર્વજ્ઞની પ્રતિપત્તિ સિદ્ધ નહીં બને. ॥૨૩-૧૫॥

✧✦✧

અન્યદર્શનકારો પોતપોતાના દર્શનમાં રહેવા છતાં સામાન્યથી તેઓ સર્વજ્ઞની પ્રતિપત્તિ કરે છે; અર્થાદ્ બધા જ સર્વજ્ઞનો સ્વીકાર સામાન્યથી કરે છે; એમ જણાવીને હવે વિશેષથી સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે કોઈ જ સ્વીકારી શકતા નથી : એ જણાવાય છે-

**न ज्ञायते विशेषस्तु, सर्वथाऽसर्वदर्शिभिः ।**
**अतो न ते तमापन्ना, विशिष्य भुवि केचन ॥२३-१६॥**

‘‘છદ્મસ્થ આત્માઓ બધી રીતે સર્વજ્ઞના જ્ઞાનાદિમાં રહેલા વિશેષને જાણતા નથી. તેથી તેઓ વિશેષરૂપે સર્વજ્ઞ પરમાત્માનો આશ્રય કરનારા નથી. આ પૃથ્વી ઉપર

પરમાત્માને વિશેષસ્વરૂપે આશ્રયીને રહેલા હોય એવા કોઈ પણ છદ્મસ્થ આત્માઓ નથી.''-આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે છદ્મસ્થ આત્માઓને એવું વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી શ્રી સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનાદિ ગુણોને સર્વ પ્રકારે વિશેષધર્મના ગ્રહણ પૂર્વક જાણી શકવા તેઓ સમર્થ બનતા નથી. તેથી સર્વજ્ઞ પરમાત્માના વિશેષ ધર્મોનું જ્ઞાન ન હોવાથી છદ્મસ્થ જીવો પરમાત્માને સામાન્યસ્વરૂપે જ સ્વીકારે છે. વિશેષસ્વરૂપે સર્વજ્ઞપરમાત્માને સર્વજ્ઞ તરીકે સ્વીકારનારા આ પૃથ્વીમાં છદ્મસ્થ એવા કોઈ નથી.

એ વાતને જણાવતાં યોગદષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૦૫) ફરમાવ્યું છે કે ''સર્વજ્ઞભગવંતોમાં ભેદ છે જ-આ પ્રમાણે, બધા જ અસર્વદર્શી એવા છદ્મસ્થો સર્વ પ્રકારે જાણી શકતા નથી. તેથી વિશેષસ્વરૂપે શ્રી સર્વજ્ઞ પરમાત્માને આશ્રયીને આરાધના કરનાર અસર્વદર્શી કોઈ નથી.'' ॥૨૩-૧૬॥

✧✦✧

આથી સર્વદર્શનોમાં રહેલા યોગીજનો (મુમુક્ષુ) સામાન્ય સ્વરૂપે સર્વજ્ઞની પ્રતિપત્તિ કરે છે-એ અંશને લઈને તે બધામાં તુલ્યતા ભાવવી જોઈએ : એ જણાવાય છે-

**सर्वज्ञप्रतिपत्त्यंशमाश्रित्यामलया धिया ।**
**निर्व्याजं तुल्यता भाव्या, सर्वतन्त्रेषु योगिनाम् ॥२३-१७॥**

''નિર્મળ બુદ્ધિએ નિર્વ્યાજપણે સર્વજ્ઞપરમાત્માની પ્રતિપત્તિની અપેક્ષાએ સર્વદર્શનોમાં યોગીઓની તુલ્યતાનું

પરિભાવન કરવું જોઈએ...'-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે રાગ દ્વેષ અને મોહ સ્વરૂપ, બુદ્ધિના મલથી રહિત એવી નિર્મળ બુદ્ધિએ તેમ જ ઔચિત્યપૂર્વક (પોતાની ભૂમિકા મુજબ) શ્રી સર્વજ્ઞ ભગવંતોના પરમતારક વચનના પાલનની તત્પરતા વડે સર્વ દર્શનોમાં રહેલા મુમુક્ષુઓ સામાન્યસ્વરૂપે સર્વજ્ઞપરમાત્માની પ્રતિપત્તિ કરે છે. તે અંશને આશ્રયીને તે બધામાં તુલ્યતાનું પરિભાવન કરવું જોઈએ.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૦૬) આ અંગે જણાવ્યું છે કે-તેથી સામાન્યથી પણ શ્રી સર્વજ્ઞપરમાત્માને; જે કોઈ છદ્મસ્થ(અસર્વદર્શી) માને છે, તે ઔચિત્યપૂર્વક શ્રીસર્વજ્ઞવચનના પાલનમાં તત્પર એવા આત્મા; બુદ્ધિમાનો માટે શ્રી સર્વજ્ઞપરમાત્માની પ્રતિપત્તિના અંશને લઈને તુલ્ય જ છે. આ શ્લોકમાં અને 'યોગદ૦-૧૦૬'માં જે જણાવ્યું છે; તેમાં થોડો ફરક છે. તે તેના જાણકારો પાસેથી જિજ્ઞાસુઓએ સમજી લેવો જોઈએ. અર્થની દૃષ્ટિએ મૂલ સ્વારસ્યમાં ખાસ ફરક પડતો નથી. શાબ્દિક યોજનામાં અન્વયની દૃષ્ટિએ થોડો ફરક પડે છે. ॥૨૩-૧૭॥

✧✦✧

સામાન્યસ્વરૂપે સર્વજ્ઞપ્રતિપત્તિના અંશને લઈને સર્વજ્ઞોપાસકોમાં તુલ્યતા હોવા છતાં વિશેષસ્વરૂપે તુલ્યતા ન હોવાથી તુલ્યતા(સામાન્ય)માં વિરોધ નથી અર્થાદ્ એ વિશેષ ભેદ સામાન્યનો વિરોધી નથી, એ જણાવાય છે-

दूरासन्नादिभेदोऽपि, तद्भृत्यत्वं निहन्ति न ।
एको नामादिभेदेन, भिन्नाचारेष्वपि प्रभुः ॥२३-१८॥

"દૂર અને આસન્ન વગેરે ભેદને લઈને પણ તેના ભૃત્યત્વની(સર્વજ્ઞોપાસકત્વની) હાનિ થતી નથી. જુદા જુદા પણ અનુષ્ઠાનવાળા યોગીજનોને વિષે ઉપાસ્ય (આરાધ્ય) તરીકે નામાદિના ભેદથી એક જ પ્રભુ છે."-આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે; એક જ સ્વામીના અનેક સેવક હોય છે. પોત-પોતાની યોગ્યતાનુસાર કોઈ દૂર હોય, કોઈ પાસે હોય અથવા કોઈ વચ્ચે હોય તોપણ દરેક સેવકમાં તદ્ભૃત્યત્વ (તત્સેવકત્વ) અર્થાદ્ એકસ્વામિકત્વસ્વરૂપ સામાન્ય ધર્મ હોય છે જ. દૂરત્વાદિ વિશેષને લઈને એકસ્વામિકત્વસ્વરૂપ સામાન્ય ધર્મનો નાશ થતો નથી. આવી જ રીતે તે તે દર્શનોમાં રહેવા છતાં યોગીજનોમાં 'સર્વજ્ઞોપાસકત્વ' સ્વરૂપ સામાન્યધર્મ હણાતો નથી. એક રાજાની જુદા જુદા પ્રકારની સેવા કરનારા અનેક સેવકોમાં જેમ એકનું ભૃત્યત્વ(એક-સ્વામિકત્વ) સઙ્ગત છે તેમ અહીં પણ એકસર્વજ્ઞોપાસકત્વ તે તે મુમુક્ષુઓમાં સઙ્ગત છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૦૭ થી ૧૦૯) એ વસ્તુનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે-"જેમ કોઈ એક રાજાના, પાસે અથવા દૂર વગેરે ભેદથી નીમેલા ઘણા સેવકો જુદા જુદા હોવા છતાં તે બધા એક જ રાજાને આશ્રયીને રહેલા છે; તેમ સર્વજ્ઞતત્ત્વ પૂર્વે જણાવ્યા મુજબ એક હોવાથી; તે બધા સર્વજ્ઞપરમાત્માના મતનું અવલંબન

લેનારા; જુદા જુદા આચારમાં રહેલા હોવા છતાં સર્વજ્ઞ-તત્ત્વને અનુસરનારા જ જાણવા. આથી સમજી શકાશે કે ભાવસર્વજ્ઞ મહાત્માઓમાં પરમાર્થથી કોઈ ભેદ નથી. તેઓશ્રીના નામ આદિનો ભેદ હોય તો ય તેમાં કોઈ ભેદ નથી... ઈત્યાદિ બુદ્ધિમાનોએ વિચારવું જોઈએ.''

॥૨૩-૧૮॥

✧✦✧

શ્રી સર્વજ્ઞપરમાત્મા એક જ છે : એ સિદ્ધ કરવા શાસ્ત્રગર્ભિત યુક્તિ જણાવાય છે-

**देवेषु योगशास्त्रेषु, चित्राचित्रविभागतः ।**
**भक्तिवर्णनमप्येवं, युज्यते तदभेदतः ॥२३-१९॥**

''ઈષ્ટ-અનિષ્ટ નામાદિનો ભેદ હોવા છતાં સર્વજ્ઞ પરમાત્મામાં કોઈ ભેદ ન હોવાથી યોગનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોમાં જુદા જુદા પ્રકારની અને એક પ્રકારની : એમ વિભાગ કરીને દેવોની ભક્તિનું વર્ણન કર્યું છે-એ સંગત થાય છે.''-આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શિવ કપિલ બુદ્ધ અર્હન્... ઈત્યાદિ સર્વજ્ઞનામોમાં ભેદ હોવા છતાં ઉપાસ્યભૂત સર્વજ્ઞપરમાત્મા એક જ છે. આથી જ અધ્યાત્મના નિરૂપક સત્શાસ્ત્રોમાં અધ્યાત્મની વિચારણા વખતે દેવસંબંધી ભક્તિનું વર્ણન કરતાં ચિત્રા અને અચિત્રા ભક્તિ જણાવી છે.

એનો આશય એ છે કે સર્વજ્ઞપરમાત્માની અચિત્રા એટલે કે એક સ્વરૂપની ભક્તિ છે અને લોકપાલાદિ દેવોની ચિત્રા એટલે કે જુદા જુદા પ્રકારની ભક્તિ છે. લોકપાલાદિ

દેવોની જેમ સર્વજ્ઞપરમાત્માઓમાં પણ ભેદ હોય તો તેઓશ્રીની પણ ભક્તિ ચિત્રા (ભિન્ન ભિન્ન પ્રકારની) બતાવવી જોઈએ. અર્થાત્ ચિત્રા અને અચિત્રા રૂપે વિભાગ કરીને ભક્તિનું નિરૂપણ કરવું ના જોઈએ. આમ છતાં ચિત્રાદિસ્વરૂપે વિભાગ કરીને; અધ્યાત્મચિંતા શાસ્ત્રોમાં ભક્તિનું વર્ણન કર્યું છે. તેથી સિદ્ધ થાય છે કે લોકપાલાદિ દેવોની જેમ સર્વજ્ઞપરમાત્માઓમાં ભેદ નથી. તેઓશ્રી એક જ છે અને તેથી અધ્યાત્મચિંતા શાસ્ત્રોમાં ચિત્રાચિત્રા સ્વરૂપ ભક્તિનું વર્ણન કર્યું છે; એ યુક્ત જ છે. યોગદષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૧૦) આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે, "સદ્યોગશાસ્ત્રોમાં દેવોને વિશે ચિત્રા-ચિત્રરૂપે વિભાગ કરીને ભક્તિનું વર્ણન કર્યું છે. તે કારણે પણ આ પ્રસ્તુત વસ્તુ (સર્વજ્ઞપરમાત્માઓમાં ભેદ નથી તે) બરાબર છે. ॥૨૩-૧૯॥

✧✦✧

ચિત્રાદિ ભક્તિ કયા દેવોને વિશે હોય છે, તે જણાવાય છે-

**संसारिषु हि देवेषु, भक्तिस्तत्कायगामिनाम् ।**
**तदतीते पुनस्तत्त्वे, तदतीतार्थयायिनाम् ॥२३-२०॥**

"સંસારી લોકપાલાદિ દેવોને વિશે; તેમના (સંસારી દેવોના) સમુદાયમાં જેમને જનમવાનું છે; એવા જીવોને ભક્તિ હોય છે. સંસારથી પર એવા મોક્ષતત્ત્વમાં તો જેઓ મોક્ષમાર્ગગામી છે એવા યોગીજનોને ભક્તિ હોય છે."-આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ છે કે

સામાન્ય રીતે જેને જે ઈષ્ટ હોય તે તેની પ્રાપ્તિમાં સહાય કરનાર આલંબનમાં જ ભક્તિભાવ રાખે અને એ મુજબ એની સેવા-શુશ્રૂષા કરે-એ સમજી શકાય છે.

સંસારમાં જ જેમને રહેવાનું છે; એવા જીવોને સંસારી દેવો પ્રત્યે ભક્તિ હોય છે અને સંસારથી પાર પામેલા શ્રી સર્વજ્ઞપરમાત્મા પ્રત્યે તો જેઓ મોક્ષમાર્ગે ચાલી રહ્યા છે તેવા જીવોને ભક્તિ હોય છે-આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. આપણી મનોદશાનો ચોક્કસ ખ્યાલ એથી આવી શકે છે. કર્મક્ષયસ્વરૂપ મુક્તાવસ્થા એક જ સ્વરૂપવાળી હોવાથી તેને ઉદ્દેશીને કરાતી ભક્તિ પણ એક જ પ્રકારની છે. ॥૨૩-૨૦॥

✧✦✧

લોકપાલાદિ સંસારી દેવોં પ્રત્યેની ભક્તિ અને મુક્તદેવો પ્રત્યેની ભક્તિ : એ બેમાં જે વિશેષ છે; તે જણાવાય છે-

**चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता ।**
**अचित्रा चरमे त्वेषा, शमसाराखिलैव हि ॥२३-२१॥**

"સંસારી લોકપાલાદિદેવોને વિષે; તેમની પ્રત્યેના રાગથી અને તેમનાથી ભિન્ન(અનિષ્ટ) એવા દેવની પ્રત્યેના દ્વેષથી સઙ્ગત એવી અનેક પ્રકારની ભક્તિ હોય છે. મુક્ત દેવોને વિશે તો બધી જ શમના સારવાળી એક જ પ્રકારની ભક્તિ હોય છે."-આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે સાંસારિક દેવોને વિષે ભક્તિ અનેક પ્રકારની હોય છે. તે તે ઈષ્ટ દેવની પ્રત્યે

રાગ હોવાથી અને તે તે દેવથી ભિન્ન એવા અનિષ્ટ દેવની પ્રત્યે દ્વેષ હોવાથી એ ભક્તિ રાગ-દ્વેષથી સઙ્ગત છે. કારણ કે એ મોહગર્ભિત છે.

સંસારાતીત મુક્ત દેવોને વિષે તો ભક્તિ એક પ્રકારવાળી હોય છે. એ સંપૂર્ણ ભક્તિ; વિષયકષાયની પરિણતિથી રહિત હોવાથી શમના પ્રાધાન્યવાળી હોય છે. કારણ કે અહીં તેવા પ્રકારનો સંમોહ હોતો નથી.

॥૨૩-૨૧॥

✧✦✧

સામાન્ય રીતે તે તે દેવોની ભક્તિ અનેક પ્રકારની હોય છે તેમ સર્વજ્ઞ પરમાત્માની ભક્તિ પણ અનેક પ્રકારની દેખાય છે; કારણ કે એક પૂજામાં પણ અનેક પ્રકાર વિહિત છે. પરંતુ ત્યાં એકમાત્ર મોક્ષપ્રાપ્તિનો અધ્યવસાય હોવાથી એક ઉદ્દેશને લઈને ભક્તિ એક જ પ્રકારની છે. આથી સમજી શકાય છે કે આશયવિશેષને આશ્રયીને તે તે અનુષ્ઠાનો ફળનાં જનક બનતાં હોય છે-એ વાતને હવે સ્પષ્ટ કરાય છે-

**इष्टापूर्तानि कर्माणि, लोके चित्राभिसन्धितः ।**
**फलं चित्रं प्रयच्छन्ति, तथाबुद्ध्यादिभेदतः ॥२३-२२॥**

"લોકમાં, ભિન્ન ભિન્ન આશયથી થતાં ઈષ્ટ અને પૂર્ત્ત કર્મો બુદ્ધિ વગેરે ભેદથી જુદા જુદા ફળને આપે છે." આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આશયવિશેષના કારણે ફળવિશેષ પ્રાપ્ત થાય છે.

તેથી સંસારી દેવોની જુદા જુદા પ્રકારની ભક્તિથી જુદા જુદા ફળની પ્રાપ્તિ થાય છે-આ વાત લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતથી સમજાવી છે.

યજ્ઞના આયોજકોએ; મંત્રસંસ્કારો વડે બ્રાહ્મણોની સમક્ષ બીજા લોકોને જે સુવર્ણાદિ આપ્યું છે તેને ઈષ્ટકર્મ કહેવાય છે અને વાવડી કૂવા તલાવ દેવકુલિકા અન્નપ્રદાન... વગેરે કામોને પૂર્તકર્મો કહેવાય છે. સંસારી દેવના સ્થાન ઐશ્વર્ય પ્રભાવ અને સ્થિતિ... વગેરે સંબંધી અધ્યવસાય વિશેષના કારણે થનારાં ઈષ્ટાપૂર્ત કર્મોથી અર્થાદ્ મૃદુ મધ્ય અને અધિમાત્ર(મંદ મધ્યમ અને ઉત્કૃષ્ટ) રાગાદિ સ્વરૂપ તાદૃશ અધ્યવસાયવિશેષથી થનારાં ઈષ્ટાપૂર્ત કર્મોથી; બુદ્ધિ જ્ઞાન અને અસંમોહના કારણે જુદાં જુદાં ફળ પ્રાપ્ત થાય છે. જુદાં જુદાં નગરોની જેમ જુદાં જુદાં દેવોના સ્થાનાદિની પ્રાપ્તિનાં ઉપાયભૂત અનુષ્ઠાનો અધ્યવસાયના ભેદથી ભિન્ન ભિન્ન છે. જેમ જુદાં જુદાં નગરોમાં જવાનો માર્ગ એક નથી. તેમ જુદાં જુદાં દેવસ્થાનોની પ્રાપ્તિનો ઉપાય પણ એક નથી.

એ વાતને જણાવતાં યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ફરમાવ્યું છે કે (જુઓ શ્લો.નં. ૧૧૩-૧૧૪) લોકપાલાદિ સંસારી દેવોની સ્થિતિ, ઐશ્વર્ય, પ્રભાવ, સ્વાભાવિક રૂપ વગેરેને લઈને તેમનાં વિમાનો વગેરે દરેક લોકમાં જે કારણથી જુદાં જુદાં છે તેથી સંસારી દેવોના સ્થાનને સિદ્ધ કરવાના ઉપાયો પણ ચોક્કસ જ અનેક પ્રકારના જ હોય છે. ભિન્ન ભિન્ન નગરોનો માર્ગ, કોઈ પણ રીતે એક ન જ હોય અને

જો હોય તો; તે તે નગરોમાં ભિન્નત્વ સઙ્ગત થશે નહીં.
॥૨૩-૨૨॥

✧✦✧

બુદ્ધિ વગેરેના કારણે એક જ પ્રકારના અનુષ્ઠાનથી જુદું જુદું ફળ પ્રાપ્ત થાય છે. ત્યાં બુદ્ધિ વગેરેનું સ્વરૂપ વર્ણવાય છે-

**बुद्धिर्ज्ञानमसम्मोहस्त्रिविधो बोध इष्यते ।**
**रत्नोपलम्भतज्ज्ञानतदवाप्तिनिदर्शनात्** ॥२३-२३॥

"રત્નનો ઉપલમ્ભ, રત્નનું જ્ઞાન અને રત્નની પ્રાપ્તિના દૃષ્ટાંતથી અનુક્રમે બુદ્ધિ જ્ઞાન અને અસંમોહ સ્વરૂપ બોધના ત્રણ પ્રકાર છે. અર્થાદ્ ત્રણ પ્રકારનો બોધ છે."-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે તેવા પ્રકારની વિચારણાથી(ઊહથી) રહિત માત્ર શબ્દાર્થશ્રવણથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને બુદ્ધિસ્વરૂપ બોધ કહેવાય છે. એનું સ્વરૂપ વર્ણવતાં યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૨૧) ફરમાવ્યું છે કે માત્ર ઈન્દ્રિયના કારણે જે અર્થનું જ્ઞાન થાય છે, તે બુદ્ધિ છે. તીર્થયાત્રાએ જતા એવા લોકોને જોઈને ત્યાં જવાનું મન થાય. એ વખતે બીજો કોઈ વિચાર ન આવે. શા માટે તીર્થયાત્રાએ જવાનું ? તીર્થયાત્રા અંગેનો વિધિ કયો છે ? અને તીર્થ કોને કહેવાય ?... ઈત્યાદિ વિચારણાથી રહિત જે તીર્થયાત્રાએ જવાનો બોધ છે તે બુદ્ધિસ્વરૂપ બોધ છે.

બુદ્ધિથી ગ્રહણ કરેલા અર્થના તત્ત્વનો પરિચ્છેદ કરવા

સ્વરૂપ જ્ઞાન છે, જે તેવા પ્રકારની વિચારણાથી થાય છે. એ પ્રમાણે યોગદૃષ્ટિ સમુચ્ચયના શ્લો.નં. ૧૨૧માં જ્ઞાનનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે આગમપૂર્વકના બોધને જ્ઞાન કહેવાય છે. તીર્થયાત્રાના વિધિના જ્ઞાનની જેમ આ જ્ઞાન આગમપૂર્વક હોય છે. હેય અને ઉપાદેયના અનુક્રમે ત્યાગ અને ઉપાદાન(ગ્રહણ કરવું)થી સંબદ્ધ જ્ઞાનને અસંમોહસ્વરૂપ બોધ કહેવાય છે. એ મુજબ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ફરમાવ્યું છે કે-સદનુષ્ઠાનવાળું આ જ્ઞાન અસંમોહસ્વરૂપ બોધ છે, જે બોધરાજ તરીકે પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારનો બોધ મનાય છે, જે પોતપોતાની(તે તે બોધની) પૂર્વે રહેલાં કર્મોનો (અનુષ્ઠાનોનો) ભેદક બને છે. કારણ કે ''બધા જીવોનાં બધાં અનુષ્ઠાનો તે બોધના ભેદથી ભિન્ન બને છે.''-આ પ્રમાણે વચન છે. (યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લો.નં. ૧૨૦) રત્નનો ઉપલમ્ભ, રત્નનું જ્ઞાન અને રત્નની પ્રાપ્તિના દૃષ્ટાંતથી ત્રણ પ્રકારના બોધનું સ્વરૂપ સમજી લેવું. રત્નનો ઉપલમ્ભ (જોવું વગેરે), રત્નનું જ્ઞાન (જાણવું) અને રત્નની પ્રાપ્તિના કારણે જેમ તેના ગ્રહણમાં ફરક પડે છે તેમ અહીં પણ બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહના કારણે અનુષ્ઠાનમાં ભેદ પડે છે. ॥૨૩-૨૩॥

✧✦✧

જે અનુષ્ઠાનને લઈને અસંમોહસ્વરૂપ બોધરાજની પ્રાપ્તિ થાય છે; તે સદનુષ્ઠાનનું લક્ષણ જણાવાય છે-

**आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।**
**जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥२३-२४॥**

"આદર, કરવામાં પ્રીતિ, વિઘ્નોનો અભાવ, સંપદાનું આગમન, જિજ્ઞાસા, તજ્જ્ઞની સેવા અને તજ્જ્ઞોનો અનુગ્રહ : આ સદનુષ્ઠાનનું લક્ષણ છે."-આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે સદનુષ્ઠાનવાળું જ્ઞાન અસંમોહબોધસ્વરૂપ છે. ઉપર જણાવેલા આદર વગેરે સદનુષ્ઠાનના લક્ષણ(પરિચાયક) છે. અનુષ્ઠાન સદ્ બને-એ માટે આદર વગેરે લક્ષણો આત્મસાત્ કરવાનું આવશ્યક છે.

અનુષ્ઠાન કરતી વખતે જે પ્રયત્નાતિશય દેખાય તેને આદર કહેવાય છે. સદનુષ્ઠાનનું આ પ્રથમ લક્ષણ છે. આપણી શક્તિ કરતાં પણ વધારે કરવાનું મન થાય ત્યારે સમજવું કે આપણને ક્રિયા પ્રત્યે આદર છે. આદરનું આ સ્વરૂપ ખૂબ જ પ્રતીત છે. આપણને પ્રશસ્ત કે અપ્રશસ્ત ક્રિયા પ્રત્યે જ્યારે આદર હોય છે ત્યારે ખૂબ જ ઉત્કટ પ્રયત્નથી એ ક્રિયા(અનુષ્ઠાન) આપણે કરતા હોઈએ છીએ. નાના બાળકોમાં આ ખૂબ જ સ્પષ્ટપણે જોવા મળે છે. મોટાઓ જે જે પ્રવૃત્તિ કરતા હોય; તે પ્રવૃત્તિ કરવાનું તેમને મન થાય ત્યારે પોતાની શક્તિ બહારની એ પ્રવૃત્તિ તેઓ ખૂબ જ ઉલ્લાસથી કરતા હોય છે. ત્યારે તેઓ પોતાની શક્તિનો પણ વિચાર કરતા નથી. મુમુક્ષુ આત્માઓને વિહિત અનુષ્ઠાન પ્રત્યે આવો આદર હોવો જ જોઈએ. જેની ઉત્કટ ઈચ્છા હોય તેમાં તે ઈચ્છાના યોગે ઉત્કટ

પ્રયત્ન થાય-એ સમજી શકાય છે. આવા વખતે કોઈ પણ અનુષ્ઠાનમાં પોતાની શક્તિનો જ વિચાર કરવાથી યોગની સાધનામાં આગળ વધવાનું કઈ રીતે શક્ય બને ? શક્તિ છુપાવવી; શક્તિના પ્રમાણમાં કાર્ય ન કરવું અને 'શક્તિ ઉપરાંત કરીએ તો આગળ જતાં પ્રવૃત્તિ સાવ જ બંધ થઈ જશે-'એવી વિચારણા કરવી...આ બધાં લક્ષણો આદરના અભાવને સૂચવનારાં છે. અવિધિ, દ્રવ્યની અશુદ્ધિ, ક્ષેત્રની ઉપેક્ષા, કાળની અવગણના અને ભાવવિહીનતા... વગેરે ચિહ્નો અનાદરભાવનાં છે. યોગમાર્ગની સાધનામાં અનાદર જેવું કોઈ પાપ નથી. એ અનાદરથી સદનુષ્ઠાનની પ્રાપ્તિ થતી નથી. પરંતુ સદ્ભાગ્યે પ્રાપ્ત થયેલ અનુષ્ઠાન અસદ્ બને છે. તેથી ઈષ્ટ-મોક્ષાદિની પ્રાપ્તિ માટે પ્રયત્નાતિશય કરવા સ્વરૂપ આદરનો આદર કર્યા વિના ચાલે એવું નથી.

સદનુષ્ઠાનનું બીજું લક્ષણ 'કરવામાં પ્રીતિ(રતિ)' છે. અનુષ્ઠાન કરવાના પ્રસઙ્ગે જે પ્રીતિ અર્થાદ્ અત્યંત આસક્તિ ઉત્પન્ન થાય છે; તેને સદનુષ્ઠાનનું બીજું લક્ષણ (કરવામાં પ્રીતિ) કહેવાય છે. આદરપૂર્વક પ્રારંભેલાં તે તે અનુષ્ઠાનોની પ્રવૃત્તિ વખતે ગમે તેવી પ્રતિકૂળતા આવે; તોપણ તેની પ્રત્યેની પ્રીતિ બની રહે તો તે અનુષ્ઠાનની સદનુષ્ઠાનતાને જણાવે છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં પરમતારક અનુષ્ઠાનો તેઓશ્રીની પરમતારક આજ્ઞાનુસાર કરીએ તો પ્રતિકૂળતા આવે ય ખરી; પરંતુ તે અનુષ્ઠાન કરતી વખતે સદનુષ્ઠાનના યોગીજનોને અરતિ થતી નથી અને પ્રીતિ બની રહે છે. કારણ કે સાધકને સિદ્ધિની સમીપ કે સમીપતરાદિ અવસ્થાને પ્રાપ્ત કરવાથી

રતિ અનુભવાય છે. જ્યાં રતિ હોય ત્યાં પ્રીતિ જળવાતી હોય છે.

સદનુષ્ઠાનનું ત્રીજું લક્ષણ અવિઘ્ન છે. અનુષ્ઠાન કરતી વખતે; અદૃષ્ટવિશેષના સામર્થ્યથી જે અપાયનો અભાવ થાય છે, તે અપાયાભાવને અવિઘ્ન કહેવાય છે. સદનુષ્ઠાનમાં વિઘ્ન આવતું નથી. વિશુદ્ધ અનુષ્ઠાનના સામર્થ્યથી ક્લિષ્ટ કર્મની નિર્જરા થાય છે અને સુંદર વિપાકવાળા પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ પૂર્વે અનુષ્ઠાન કરતી વખતે વિઘ્ન આવતાં હતાં અને અનુકૂળતા મળતી ન હતી. પરંતુ હવે એવું બનતું નથી. સદનુષ્ઠાનના પ્રભાવે વિઘ્નનો અભાવ થાય છે. આપણે જે કોઈ પણ અનુષ્ઠાન કરવાનું વિચારીએ ત્યારે કોઈ વિઘ્ન ન આવે અને અનુકૂળતા મળી રહે તો એ આપણા સદનુષ્ઠાનને સૂચવે છે. આ પ્રમાણે પાપની પ્રવૃત્તિ વખતે આપણને ઘણી વાર જોવા મળે છે. પાપનો વિચાર આવે અને વિના વિઘ્ને પૂરતી અનુકૂળતા મળી રહેતી હોય છે. આવું જ સાધકને સાધના-માર્ગે બનતું હોય છે. સદનુષ્ઠાનના સ્વામીને સદનુષ્ઠાનમાં વિઘ્ન આવતું નથી. એનો અર્થ એ છે કે સદનુષ્ઠાન વખતે ભૂતકાળના કોઈ ક્લિષ્ટ કર્મના ઉદયથી વિઘ્ન આવે તો તે વિઘ્નરૂપ બનતું નથી. કારણ કે એવી સ્થિતિમાં પણ તેમની યોગ-સાધના અવિરત ચાલ્યા જ કરે છે. આથી સમજી શકાશે કે દુઃખ કે દુઃખના કારણ : એ વિઘ્ન નથી. પરંતુ સાધનામાં જેનાથી અવરોધ આવે તે વિઘ્ન છે. તેનો અભાવ-એ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

સંપદાનો લાભ(આગમ) : આ સદનુષ્ઠાનનું ચોથું

લક્ષણ છે. તેથી જ શુભભાવસ્વરૂપ પુણ્યની સિદ્ધિ થતી હોય છે. સાધકને સદનુષ્ઠાનની પ્રાપ્તિ થવાથી ઉત્તરોત્તર શુભભાવસ્વરૂપ પુણ્યની સિદ્ધિ થવાથી કોઈ પણ સાધનની ન્યૂનતા વર્ત્તાતી નથી. ગમે તેવી વિષમ સ્થિતિમાં પણ સાધનાનો પ્રતિબંધ થતો નથી. એ જ અવિઘ્ન અને સંપદાગમની અવસ્થા છે. સાધકની સાધકતા વસ્તુતઃ સાધનની અપેક્ષામાં નથી. વિદ્યમાનને સાધન બનાવતાં આવડે તો સિદ્ધિ દૂર નથી.

સંપદાના આગમનથી(લાભથી) મુમુક્ષુઓને ઉત્તરોત્તર યોગની વૃદ્ધિ થાય છે. એ વખતે સાથેના સાધકો જે રીતે યોગની પરિશુદ્ધ સાધના કરી રહ્યા હોય છે, એ રીતે યોગની સાધના પોતે કરી શકતો નથી-એવું જ્યારે જ્યારે સાધકને જણાય, ત્યારે ત્યારે આ કઈ રીતે બને ? શું કરું તો યોગની પરિશુદ્ધ સાધના કરવા હું સમર્થ બનું ?... આવા પ્રકારની જિજ્ઞાસા થાય છે. આ સદનુષ્ઠાનનું પાંચમું લક્ષણ છે. સારા અનુષ્ઠાનને કે સારા યોગીઓને જોઈને આવી જિજ્ઞાસા થાય તો આપણું એ અનુષ્ઠાન સદનુષ્ઠાન છે-એમ સમજી શકાય છે. વર્ત્તમાનમાં એવી જિજ્ઞાસા લગભગ જોવા ન મળે. વિશુદ્ધ સાધનાદિને જોયા પછી પણ જેની જેવી શક્તિ, શક્તિ મુજબ બધું થાય... એમ વિચારી લગભગ ઉપેક્ષા જ કરાય છે, જે સદનુષ્ઠાનના અભાવને જણાવે છે. જિજ્ઞાસા આપણા અનુષ્ઠાનને પરિશુદ્ધ બનાવી ઉત્તરોત્તર યોગની સાધનાને વિશુદ્ધ બનાવે છે.

'તજ્જ્ઞસેવા' આ સદનુષ્ઠાનનું છઠ્ઠું લક્ષણ છે. અહીં

'તન્નિસેવા' આવો પણ પાઠ જોવા મળે છે. બન્નેનું તાત્પર્ય સામાન્યથી એક જ છે. ઉપર જણાવ્યા મુજબ ઈષ્ટ-મોક્ષ અને અનિષ્ટ-સંસારના અનુક્રમે સંયોગ અને વિયોગની જિજ્ઞાસા થયા પછી તેના સ્વરૂપાદિના જાણકારની સેવા કરવી : એ સદનુષ્ઠાનનું છઠ્ઠું લક્ષણ છે. આપણા અનુષ્ઠાનમાં જે કોઈ ખામી હોય તે જણાવીને તેને દૂર કરવાના ઉપાયોને જણાવવા દ્વારા ઈષ્ટાદિના જાણકારો આપણા અનુષ્ઠાનને વિશુદ્ધ બનાવે છે. એવા તજજ્ઞોની સેવા કરવાનું આમ સરળ છે, પરંતુ લગભગ એ શક્ય બનતી નથી. આપણા કરતાં વધારે જાણકાર એવા આત્માઓનું અંતરથી પારતંત્ર્ય અંગીકાર કરવાનું ઘણું જ કપરું કામ છે. અહીં શ્લોકમાં સદનુષ્ઠાનના લક્ષણ તરીકે 'તજજ્ઞોનો અનુગ્રહ' આ સાતમા લક્ષણને च શબ્દથી વર્ણવ્યું છે, જેનો આશય સ્પષ્ટ જ છે. સર્વથા અપરિચિત એવા યોગમાર્ગે પગલે પગલે સ્ખલના થવાનો પૂરતો સંભવ છે. એવા સંયોગોમાં તજજ્ઞોનો અનુગ્રહ, યોગમાર્ગમાં સ્ખલના વિના અનવરત પ્રયાણ કરાવે છે.

આદર વગેરે સાત લક્ષણોથી લક્ષિત અનુષ્ઠાન જ સદનુષ્ઠાન છે. જે અસંમોહદશામાં પ્રાપ્ત થતું હોય છે. વિશિષ્ટ કોટિની કર્મની લઘુતા વિના અહીં સુધી પહોંચવાનું શક્ય જ નથી. યોગમાર્ગમાં આપણું સ્થાન ક્યાં છે અને આપણે ક્યાં જવાનું છે : એનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય તો આપણી સાધના વેગવંતી બને. સદનુષ્ઠાનનાં લક્ષણો જોતાં તો એમ જ લાગે કે હજી સાધનાની શરૂઆત જ થઈ નથી, ત્યાં તો સાધનાની સમાપ્તિ થઈ ના હોય એવી રીતે

આપણે જીવી રહ્યા છીએ એમ જ લાગે ! ॥૨૩-૨૪॥

✧✦✧

બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહપૂર્વકનાં તે તે અનુષ્ઠાનોની ભિન્નતા વર્ણવીને હવે તે તે અનુષ્ઠાનોનું ફળ વર્ણવાય છે-

**भवाय बुद्धिपूर्वाणि, विपाकविरसत्वतः ।**
**कर्माणि ज्ञानपूर्वाणि, श्रुतशक्त्या च मुक्तये ॥२३-२५॥**

''બુદ્ધિપૂર્વકનાં કર્મો(અનુષ્ઠાનો) વિપાકની વિરસતાના કારણે સંસાર માટે થાય છે; અને જ્ઞાનપૂર્વકનાં કર્મો શ્રુતના સામર્થ્યના કારણે મુક્તિ માટે થાય છે-આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે બુદ્ધિ વગેરેના કારણે જેમ અનુષ્ઠાનમાં ભેદ છે તેમ તેના ફળને આશ્રયીને પણ અનુષ્ઠાનમાં ભેદ છે-એ વાત તે તે અનુષ્ઠાનના ફળનું વર્ણન કરવા દ્વારા સૂચવી છે.

બુદ્ધિપૂર્વકનાં કર્મો સંસારમાં પરિભ્રમણ કરાવનારાં જ બને છે. કારણ કે બુદ્ધિપૂર્વકનાં કર્મોમાં પોતાની કલ્પનાનું જ પ્રાધાન્ય હોય છે, આગમનું પ્રાધાન્ય હોતું નથી. માત્ર પોતાને જે ઠીક લાગે તેમ તે અનુષ્ઠાનો કરાય છે. એ અનુષ્ઠાનોમાં; શાસ્ત્રમાં વર્ણવેલા હેયોપાદેય વગેરેના વિવેકનો આદર કરવામાં આવેલો હોતો નથી. તેથી વિપાકની વિરસતાને કારણે બુદ્ધિ(ઈન્દ્રિયમાત્રથી જ ઉત્પન્ન જ્ઞાન)-પૂર્વકનાં અનુષ્ઠાનો સંસારમાં પરિભ્રમણ કરાવનારાં જ બને છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં (શ્લો.નં. ૧૨૪) આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે ''આ લોકમાં બધા પ્રાણીઓને બુદ્ધિપૂર્વકનાં અનુષ્ઠાનો; શાસ્ત્રપૂર્વક ન હોવાથી સંસારસ્વરૂપ

જ (ભવભ્રમણ જ) ફળને આપનારાં બને છે. કારણ કે ચોક્કસ જ. તે વિરસવિપાકવાળા હોય છે.''

જ્ઞાનપૂર્વકનાં એ કર્મો મુક્તિ માટે થાય છે. કારણ કે તેવા પ્રકારના વિવેક સ્વરૂપ સંપત્તિથી ઉત્પન્ન થયેલી અને અમૃતશક્તિજેવી શ્રુતશક્તિથી એ અનુષ્ઠાન થયેલાં હોય છે. તેથી જ્ઞાનપૂર્વકનાં (આગમપૂર્વકના જ્ઞાનને જ્ઞાનસ્વરૂપ બોધં કહેવાય છે.) એ કર્મોથી નિઃશ્રેયસ-મોક્ષની પ્રાપ્તિ થાય છે. યોગદષ્ટિસમુચ્ચયમાં આ અંગે ફરમાવ્યું છે કે- જ્ઞાનપૂર્વકનાં એ જ અનુષ્ઠાનો મુક્તિનાં અઙ્ગ બને છે. કુલયોગીઓને અમૃતની શક્તિ જેવી શ્રુતશક્તિના અનુવેધથી ઉત્તરોત્તર અનુબંધ દ્વારા એ અનુષ્ઠાનો મોક્ષનું અઙ્ગ બને છે. આથી સમજી શકાશે કે જ્ઞાનપૂર્વકનાં અનુષ્ઠાનો કુલયોગીઓને જ પ્રાપ્ત થાય છે. જે યોગીઓના કુળમાં જન્મ્યા છે અને તેમના ધર્મનું અનુસરણ કરે છે, તેમને કુલયોગી કહેવાય છે. એ યોગીઓ જે અનુષ્ઠાન કરે છે, તેમાં શ્રુતશક્તિનો અનુવેધ(એક રસથી સમાવેશ) હોય છે. એવી અમૃતશક્તિજેવી શ્રુતશક્તિનો સમાવેશ ન હોય તો તે કુલયોગીઓમાં મુખ્ય કુલયોગિત્વ જ હોતું નથી. જ્ઞાનપૂર્વકના આ અનુષ્ઠાનના કારણે ઉત્તરોત્તર શુભાનુબંધની પ્રાપ્તિ થવાથી કુલયોગીઓને એ અનુષ્ઠાનો મુક્તિનાં અઙ્ગ બને છે. તાત્ત્વિક અનુબંધો મુક્ત્યઙ્ગસ્વરૂપ જ હોય છે. જે અનુબંધ મોક્ષનાં અઙ્ગ ન બને એ વસ્તુતઃ અનુબંધ જ નથી. ॥૨૩-૨૫॥

✧✦✧

અસંમોહસ્વરૂપ બોધપૂર્વકના અનુષ્ઠાનનું ફળ વર્ણવાય છે-

**असंमोहसमुत्थानि, योगिनामाशु मुक्तये ।**
**भेदेऽपि तेषामेकोऽध्वा, जलधौ तीरमार्गवत् ॥२३-२६॥**

"અસંમોહ(સદનુષ્ઠાનવાળું જ્ઞાન)ના કારણે ઉત્પન્ન થયેલાં કર્મો(અનુષ્ઠાનો) યોગીજનોને શીઘ્ર મુક્તિ માટે થાય છે. પરસ્પર તે યોગીજનોમાં ભેદ હોવા છતાં, સમુદ્રમાં તીરમાર્ગની જેમ તેમનો માર્ગ એક જ છે."-આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આદર, કરવામાં પ્રીતિ અને અવિઘ્ન ઈત્યાદિ લક્ષણોથી લક્ષિત એવાં સદનુષ્ઠાનવાળા બોધના કારણે ઉત્પન્ન થયેલ અનુષ્ઠાન(અસજ્ઞાનુષ્ઠાન) યોગીજનોને અર્થાદ્ ભવાતીતાર્થયાયી જનોને શીઘ્ર મોક્ષ માટે થાય છે. જ્ઞાનપૂર્વકનાં કર્મો; અભ્યુદય સ્વરૂપ લાભ કરાવવા દ્વારા વિલંબથી જેમ મોક્ષ માટે થતાં હતાં તેમ, અસંમોહપૂર્વકના અનુષ્ઠાનમાં બનતું નથી.

યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૧૨૬-૧૨૭) ફરમાવ્યું છે કે "અસંમોહના કારણે ઉત્પન્ન થયેલાં કર્મો, એકાંત પરિશુદ્ધિના કારણે ભવાતીતાર્થયાયી અર્થાત્ સમ્યક્પરતત્ત્વ(મોક્ષ)ના જાણકારોને શીઘ્ર નિર્વાણફળને આપનારાં બને છે. શબ્દ, રૂપ, રસ...વગેરે વિષયોમાં જેમનું ચિત્ત ઉત્સુકતાથી રહિત છે, એવા ભવભોગથી વિરામ પામેલા જીવોને ભવાતીતાર્થયાયી કહેવાય છે. કારણ કે ભવનો ચિત્તમાં સ્પર્શ નથી.

ગુણસ્થાનકની પરિણતિમાં ભેદ હોવા છતાં તે યોગીજનોનો મોક્ષમાર્ગ તો એક જ છે. સમુદ્રમાં તીરમાર્ગ જેમ એક જ છે તેમ અહીં મોક્ષમાર્ગ પણ એક જ છે. સમુદ્રમાં કોઈ દૂર હોય છે, કોઈ પાસે હોય છે. કોઈ વચ્ચે હોય છે. એ રીતે એમનામાં ભેદ હોવા છતાં તે બધા તીરે જતા હોવાથી તે બધાના માર્ગ તીરમાર્ગસ્વરૂપે એક છે. એવી જ રીતે ભવાતીતાર્થ(મોક્ષ)યાયી મુમુક્ષુ આત્માઓની ગુણસ્થાનકની પરિણતિમાં તરતમતા હોવા છતાં તેમનો મોક્ષમાર્ગ એક છે. કહેવાનો આશય એ છે કે પ્રાપ્ય-ગંતવ્ય સ્થાન મોક્ષ એક જ છે તેથી તેનો માર્ગ પણ એક છે. સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મ અને તથાતા વગેરે શબ્દથી વાચ્ય મોક્ષ છે. જ્યાં સદાને માટે શિવ છે, તે મોક્ષ સદાશિવ છે. અર્થાત્ શાશ્વતશિવયોગસ્વરૂપ (સદાશિવ) મોક્ષ છે. પરબ્રહ્મ એટલે કે અતિશયિત-શ્રેષ્ઠ બૃહત્વ અને બૃંહકત્વથી સદ્ભાવનું આલંબન. મોક્ષ મહાન છે અને અન્યને મહાન બનાવે છે, તેથી આત્માને મોક્ષપ્રાપ્તિ માટે તે શ્રેષ્ઠ આલંબન છે. પરમ-શ્રેષ્ઠ સદ્ભાવના આલંબન સ્વરૂપ બૃહત્વ અને બૃંહકત્વાત્મક પરમબ્રહ્મ (શુદ્ધ આત્મા) છે. જેમનાં સઘળાં ય પ્રયોજનો સિદ્ધ થયાં છે એવા આત્માઓને સિદ્ધાત્મા કહેવાય છે. તેઓશ્રીની એ અવસ્થા મોક્ષસ્વરૂપ છે. તેમ જ મોક્ષપ્રાપ્તિ માટેની યોગ્યતા અનાદિકાળથી આત્મામાં હોવાથી આત્માની એ અવસ્થાને તથાતા કહેવાય છે. જુદી જુદી રીતે સદાશિવ વગેરે શબ્દો દ્વારા અહીં નિર્વાણપદનું જ વર્ણન કર્યું છે. અર્થની અપેક્ષાએ મોક્ષ

એક જ હોવાથી સમુદ્રમાં તીરમાર્ગની જેમ મોક્ષમાર્ગ પણ એક જ છે.

યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૧૨૮ થી ૧૩૨) એ વાતને અનુલક્ષીને ફરમાવ્યું છે કે-"તે ભવાતીતાર્થયાયી જનોને, ગુણસ્થાનકની પરિણતિમાં ભેદ હોવા છતાં શમનિષ્ઠ મોક્ષમાર્ગ, સમુદ્રમાં તીરમાર્ગની જેમ એક જ છે." ॥૧૨૮॥ "શબ્દ(નામ)નો ભેદ હોવા છતાં શ્રેષ્ઠ નિર્વાણ-નામનું સંસારાતીતતત્ત્વ; નિયમે કરી એક જ છે." ॥૧૨૯॥ "સદાશિવ, પરંબ્રહ્મ, સિદ્ધાત્મા અને તથાતા... ઈત્યાદિ શબ્દો દ્વારા નિર્વાણસ્વરૂપ તત્ત્વનું નિરૂપણ કરાય છે. ત્યાં શબ્દોમાં ભેદ હોવા છતાં તે તે શબ્દના અર્થને અનુસારે તે નિર્વાણતત્ત્વ એક જ છે..." ॥૧૩૦॥ કારણ કે "તે તે શબ્દોના અર્થની સાથે તેના(નિર્વાણના) લક્ષણનો વિસંવાદ આવતો નથી. મોક્ષ નિરાબાધ છે, દ્રવ્ય અને ભાવ રોગથી રહિત છે અને ત્યાં કર્ત્તવ્યનો અભાવ હોવાથી તેમ જ કોઈ કારણ ન હોવાથી તે પરતત્ત્વ નિષ્ક્રિય છે, જેથી ત્યાં જન્માદિનો યોગ નથી." ॥૧૩૧॥ આથી સ્પષ્ટ છે કે "અસંમોહસ્વરૂપ બોધવડે આવા પ્રકારના નિર્વાણતત્ત્વને જાણી લીધા પછી વસ્તુતઃ નિર્વાણતત્ત્વની સેવામાં બુદ્ધિમાનને વિવાદ ઉત્પન્ન થતો નથી. જો આમ છતાં વિવાદ જાગે તો તેમાં બુદ્ધિમત્તા નથી-એમ સમજવું જોઈએ." ॥૧૩૨॥ આ પ્રમાણે યોગદષ્ટિસમુચ્ચયમાં જણાવ્યું છે. ॥૨૩-૨૬॥

✧✦✧

ઉપર જણાવ્યા મુજબ સર્વજ્ઞપરમાત્મામાં ભેદ નથી; તો તે તે સર્વજ્ઞની વાણીમાં ભેદ કેમ છે, તે જણાવાય છે-

**तस्मादचित्रभक्त्याप्या:, सर्वज्ञा न भिदामिता: ।**
**चित्रा गीर्भववैद्यानां, तेषां शिष्यानुगुण्यत: ॥२३-२७॥**

"બધા યોગીઓ એકમાર્ગગામી હોવાથી એકસરખી ભક્તિથી પ્રાપ્ત કરી શકાય એવા સર્વજ્ઞોમાં ભેદ નથી. ભવના રોગને દૂર કરવા માટે વૈદ્યજેવા એ સર્વજ્ઞોની દેશના શિષ્યને અનુકૂળ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે."-આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ઉપર જણાવ્યા મુજબ સમુદ્રમાં તીરમાર્ગની જેમ બધા જ યોગીજનો ચિત્તશુદ્ધિસ્વરૂપ એક જ માર્ગગામી હોવાથી તેઓ એક જ પ્રકારની ભક્તિથી સર્વજ્ઞને પ્રાપ્ત કરી શકે છે. તેથી સર્વજ્ઞપરમાત્મા ભેદને પ્રાપ્ત કરી શકતા નથી અર્થાદ્ એક જ માર્ગથી પ્રાપ્ય એવા સર્વજ્ઞોમાં ભેદ નથી. આ વાતનું નિરૂપણ કરતાં યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૧૩૩) જણાવ્યું છે કે-"જેથી સર્વજ્ઞપૂર્વક આ નિર્વાણતત્ત્વ પ્રાપ્ત થાય છે, અસર્વજ્ઞોને એની પ્રાપ્તિ થતી નથી-એ ચોક્કસ છે તો આ નિર્વાણનો સર્વજ્ઞસ્વરૂપ નિકટનો સરળમાર્ગ ભિન્ન કઈ રીતે હોય ? અર્થાદ્ ન જ હોય-એ સમજી શકાય છે."

જો આ રીતે મોક્ષમાર્ગ એક જ છે તો તેમની દેશનામાં ભેદ કેમ છે-એનું સમાધાન કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યું છે કે તે ભવના રોગને દૂર કરનારા શ્રેષ્ઠ વૈદ્ય સમાન શ્રી સર્વજ્ઞપરમાત્માઓની દેશના શિષ્યોને આશ્રયીને

ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. જેમ કોઈ વૈદ્ય બાલ યુવાન અને વૃદ્ધાદિ રોગીઓને એક જ પ્રકારનું ઔષધ જણાવતા નથી પરંતુ તેમની પ્રકૃતિ આદિને અનુરૂપ દવા જણાવે છે, એવી જ રીતે કપિલાદિની દેશના પણ તે તે જીવોને આશ્રયીને ભિન્ન ભિન્ન પ્રકારની છે. કાલાંતરે મરણાદિ સ્વરૂપ અપાયથી ભયભીત થનારા જીવોને આશ્રયીને પર્યાયને ગૌણ બનાવી દ્રવ્યના પ્રાધાન્યની દેશના કપિલાદિએ પોતાના શિષ્યોને આપી. આવી જ રીતે ભોગમાં આસ્થાવાળા જીવોને આશ્રયીને દ્રવ્યને ગૌણ બનાવી પર્યાયની પ્રધાનતાને જણાવનારી દેશના દ્વારા વિષયાદિની અનિત્યતાને જણાવવાનું કાર્ય બુદ્ધાદિએ કર્યું. તે લોકો દ્રવ્ય અને પર્યાયના અન્વય-વ્યતિરેકને (સંબંધ-સંબંધાભાવને) જાણતા ન હતા એવું ન હતું. કારણ કે તેમ હોય તો તેમના સર્વજ્ઞત્વની અનુપપત્તિ થશે. આ વિષયમાં 'યોગદષ્ટિસમુચ્ચય'ના શ્લો.નં. ૧૩૪થી જણાવ્યું છે કે કપિલાદિની જે 'આત્મા નિત્ય છે'... 'આત્મા અનિત્ય છે'... ઈત્યાદિ દેશના છે; તે તેવા તેવા પ્રકારના શિષ્યોને અનુસરીને છે. પરંતુ દ્રવ્યપર્યાયના અન્વય-વ્યતિરેકના જ્ઞાનના અભાવના કારણે તેવા પ્રકારની તેઓની દેશના નથી. અન્યથા તેઓને સર્વજ્ઞ માની શકાશે નહિ. કારણ કે ભવવ્યાધિને દૂર કરવા માટે મહાવૈદ્યસમાન તેઓ જો સર્વજ્ઞ છે તો તેમની દેશના અજ્ઞાનમૂલક ન હોય...એ સમજી શકાય છે. ॥૨૩-૨૭॥

✧✦✧

ઉપર જણાવ્યા મુજબ શિષ્યોને અનુસરીને સર્વજ્ઞ ભગવંતોની દેશનામાં ભેદ છે તેમ જ બીજી રીતે પણ તેમાં ભેદ છે, તે જણાવાય છે-

**तयैव बीजाधानादे, र्यथाभव्यमुपक्रिया ।**
**अचिन्त्यपुण्यसामर्थ्यादेकस्या वा विभेदतः ॥२३-२८॥**

"તે ભિન્ન ભિન્ન પ્રકારની જ દેશના વડે ભવ્ય જીવોને પોતાની યોગ્યતા પ્રમાણે ભવોદ્વેગાદિ સ્વરૂપ યોગનાં બીજોનું આધાન થવાથી ઉપકાર થાય છે-આ પ્રમાણે શ્લોકના પૂર્વાર્દ્ધનો અર્થ સ્પષ્ટ છે. એ મુજબ યોગદષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૩૫) ફરમાવ્યું છે કે 'જે જીવોને જે, આત્માદિની નિત્યતા વગેરે સંબંધી દેશનાથી યોગનાં બીજોનું સાનુબંધ(ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિવાળું) આધાન થાય છે; તે પ્રમાણે તે જીવોને સર્વજ્ઞભગવંતોએ દેશના આપી."

સર્વજ્ઞભગવંતોની દેશનાના ભેદનું બીજું પણ કારણ જણાવાય છે-**अचिन्त्य**...ઈત્યાદિ શ્લોકના ઉત્તરાર્દ્ધ દ્વારા; જેનો આશય સ્પષ્ટ છે કે શ્રી તીર્થંકરપરમાત્માની દેશના એક જ હોવા છતાં અચિન્ત્ય પુણ્યસામર્થ્યથી અર્થાદ્ જેનું નિરૂપણ ન કરી શકાય એવા; બીજા જીવોને સમ્યગ્-દર્શનાદિના નિમિત્તભૂત; પૂર્વભવમાં ઉપાર્જેલા શ્રી તીર્થંકરનામકર્મના વિપાકને લઈને શ્રોતાઓના ભેદથી એ પરમતારક દેશના તેમને જુદી જુદી રીતે પરિણમતી હોવાથી ભવ્યત્વને અનુરૂપ ઉપકાર થતો હોય છે તેથી દેશના વિચિત્ર-જુદા જુદા પ્રકારની જણાય છે, એટલામાત્રથી

સર્વજ્ઞોમાં ભેદની સિદ્ધિ થતી નથી. એ પ્રમાણે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૩૬-૧૩૭) જણાવ્યું છે કે-શ્રી સર્વજ્ઞ પરમાત્માઓની એક પણ દેશના; અચિન્ત્ય પુણ્યના સામર્થ્યથી શ્રોતાઓના ભેદને લઈને તથાભવ્યત્વને અનુસાર તે તે રૂપે પરિણમતી હોવાથી ભિન્ન ભિન્ન પ્રકારે જણાય છે. આટલામાત્રથી એવી દેશનાથી કોઈ ગુણ-લાભ નથી-એમ કહેવાનું ઉચિત નથી; કારણ કે ભવ્યત્વને અનુસાર તે દેશનાથી ઉપકાર પણ થાય છે. પૂર્વે જણાવ્યા મુજબ બીજાધાનાદિના કારણે તે તે દેશના નિષ્ફળ પણ નથી, સફળ છે તેથી સર્વત્ર એ સુસ્થિત છે... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૨૩-૨૮॥

✧✦✧

દેશનાનો ભેદ જે કારણથી જણાય છે તે પ્રકારાંતરથી જણાવાય છે-

**चित्रा वा देशना तत्तन्नयैः कालादियोगतः ।**
**यन्मूला तत्प्रतिक्षेपोऽयुक्तो भावमजानतः ॥२३-२९॥**

"જેના આધારે તે તે નયથી કાલાદિને આશ્રયીને ભિન્ન પ્રકારની દેશના કપિલાદિની પ્રવર્ત્તેલી છે, તેના ભાવને ન જાણનાર માટે તેનો પ્રતિષેધ કરવો યુક્ત નથી."-આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વોક્ત રીતે શ્રોતાઓના વિભેદથી સર્વજ્ઞ ભગવંતોની દેશનામાં ભેદ જણાય છે. અથવા તે દ્રવ્યાસ્તિકાદિ નયોની અપેક્ષાએ અને દુઃષમાદિકાળને

આશ્રયીને એ દેશનાઓ કપિલાદિએ આપેલી. તે ભિન્ન ભિન્ન પ્રકારની દેશના જે વચનના આધારે પ્રવર્ત્તેલી છે, તે વચનાદિ ભાવોને જે જાણતા નથી તેઓએ તે દેશનાના દેશક સર્વજ્ઞપરમાત્માનો પ્રતિષેધ (ખંડન) કરવો : એ ઉચિત નથી. કારણ કે અજ્ઞાનમૂલક પણ કરેલો આર્યાપવાદ મહાપાપનું કારણ બને છે.

એ વાતને જણાવતાં યોગદૃષ્ટિ સમુચ્ચયમાં (શ્લો.નં. ૧૩૮ થી ૧૪૨) ફરમાવ્યું છે કે, "અથવા દ્રવ્યાસ્તિકાયાદિ તે તે નયોની અપેક્ષાએ દુઃષમાદિ કાળને આશ્રયીને કપિલાદિ ઋષિઓથી પ્રવર્ત્તેલી દેશના ભિન્ન ભિન્ન પ્રકારની છે. એ દેશના પણ સાવ આધાર વિનાની નથી. કારણ કે તે પણ તત્ત્વથી સર્વજ્ઞમૂલક છે. (૧૩૮)" "તેથી સર્વજ્ઞ પરમાત્માનો અભિપ્રાય જાણ્યા વિના સ્થૂલદૃષ્ટિવાળા પ્રમાતા(પ્રામાણિક)ઓને; મહાનર્થને કરનારો સર્વજ્ઞપ્રતિષેધ કરવાનું ઉચિત નથી. (૧૩૯)" "જેમ દૃષ્ટિથી વિકલ એવા અંધપુરુષોને ચંદ્રમાનો વિરોધ કરવાનું ઉચિત નથી : જેમ કે ચંદ્રમા ગોળ નથી, વાંકો નથી, ચોરસ છે... ઈત્યાદિ રીતે ચંદ્રમાના ભેદો(વિશેષ ધર્મો)ની પરિકલ્પના કરવાનું અંધ પુરુષો માટે ઉચિત નથી; તેમ સર્વજ્ઞ-પરમાત્મામાં ભેદની પરિકલ્પના કરવાનું અર્વાગ્દૃષ્ટિવાળા છદ્મસ્થો માટે ઉચિત નથી. ।।૧૪૦।।" "સામાન્યથી કોઈ પણ માણસનો પરિક્ષેપ યુક્ત નથી. તો પછી મુનિઓના અપવાદ અંગે પૂછવાનું શું ? એ મુનિઓના સર્વજ્ઞપણાના પરિભવ સ્વરૂપ આર્યાપવાદથી; તેવા પ્રકારનું મહાપાપ

થવાના કારણે જીભ કપાયાથી પણ અધિક દોષ મનાય છે. ॥૧૪૧॥'' ''આ ખરાબ-નિંદનીય છે... ઈત્યાદિ કુત્સ્ય સંતો-મુનિઓ બોલતા નથી. પરંતુ નિશ્ચિત કામનું (સાર્થક)-બીજાના ઉપકારનું કારણભૂત એવું સદાને માટે બોલે છે...॥૧૪૨॥''... ઈત્યાદિ યોગદૃષ્ટિ સમુચ્ચયપ્રકરણથી સમજી લેવું જોઈએ. ॥૨૩-૨૯॥

✧✦✧

આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે સર્વજ્ઞ પરમાત્માઓમાં તાત્ત્વિક રીતે કોઈ ભેદ નથી; તેથી તેઓશ્રીના પરમતારક વચનનું અનુસરણં કરીને જ પ્રવર્ત્તવું જોઈએ. પરંતુ તેઓશ્રીના વિષયમાં વિવાદ કરીને અનુમાનાદિમાં આસ્થા કરી તેના આશ્રયે રહેવું ના જોઈએ. કારણ કે સર્વજ્ઞ પરમાત્માના પરમતારક વચનનું અનુસરણ નહીં કરનાર અનુમાન પોતે જ વ્યવસ્થિત નથી-આ વાતનું સમર્થન ભર્તૃહરિના વચનથી કરાય છે-

**यत्नेनानुमितोऽप्यर्थः, कुशलैरनुमातृभिः ।**
**अभियुक्ततरैरन्यैरन्यथैवोपपद्यते ॥२३-३०॥**

''કુશળ એવા અનુમાનપ્રમાણવાદીઓ દ્વારા પ્રયત્નપૂર્વક અનુમાનપ્રમાણથી સિદ્ધ કરેલો પણ અર્થ; એના કરતાં અધિક કુશળ એવા અનુમાનપ્રમાણવાદીઓ દ્વારા બીજી જ રીતે ઉપપન્ન બને છે.''-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યાપ્તિગ્રહ પરામર્શ... વગેરેમાં જેઓ કુશળ છે; એવા અનુમાનકર્ત્તાઓ

દ્વારા ખૂબ જ ધ્યાન રાખીને અસિદ્ધિ બાધ વ્યભિચાર... વગેરે દોષોની પ્રાપ્તિનો પ્રસઙ્ગ આવી ન જાય એ રીતે પ્રયત્નપૂર્વક કરેલા અનુમાનથી સિદ્ધ થયેલા પણ અર્થને; એ અનુમાનકર્ત્તાઓ કરતાં જેઓ અધિક જ્ઞાની છે એવા કુશલતર અનુમાનપ્રમાણના વિદ્વાનો તદ્દન વિપરીત રીતે જ સિદ્ધ કરતા હોય છે. તેથી અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે સર્વજ્ઞભગવંતના વચન સિવાય બીજું કોઈ જ વિશ્વસનીય પ્રમાણ નથી. ॥૨૩-૩૦॥

✧✦✧

અતીન્દ્રિય અર્થની સિદ્ધિ માટે ઉપર જણાવ્યા મુજબ અનુમાનપ્રમાણમાં આસ્થા રાખવાનું નિરર્થક છે. એ વાતના સમર્થન માટે કારણાંતર જણાવાય છે. અર્થાદ્ ઉક્તાર્થમાં યુક્ત્યંતર જણાવવા સ્વરૂપ અભ્યુચ્ચય કહેવાય છે-

**ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ॥२३-३१॥**

"અનુમાનવાદથી જો અતીન્દ્રિય પદાર્થો જણાતા હોત તો આટલા કાળમાં બુદ્ધિમાનો દ્વારા તેનો નિશ્ચય થઈ ગયો હોત."-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે આજ સુધીમાં અનંતો કાળ વીત્યો છે. આ કાળમાં અનંતા તાર્કિકો થઈ ગયા છે. પરંતુ અત્યાર સુધી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય તેઓથી થયો નથી. અનુમાનથી જ જો અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય થઈ શકતો હોત તો ઉત્તરોત્તર તાર્કિકોના પ્રબળ તર્કથી તેનો નિર્ણય ક્યારનોય થઈ ગયો હોત. આથી સ્પષ્ટ છે કે

અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાન દ્વારા શક્ય નથી, સર્વજ્ઞપરમાત્માના પરમતારક વચનથી જ એ શક્ય છે. ॥૨૩-૩૧॥

✧✦✧

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે-

**तत्कुतर्कग्रहस्त्याज्यो, ददता दृष्टिमागमे ।**
**प्रायो धर्मा अपि त्याज्याः, परमानन्दसम्पदि ॥२३-३२॥**

"તેથી આગમમાં દૃષ્ટિ આપનારે કુતર્કનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે પરમાનંદસ્વરૂપ મોક્ષની સંપત્તિમાં પ્રાયઃ ધર્મનો પણ ત્યાગ કરવાનો હોય છે; તેથી કુતર્કોનો તો ત્યાગ અવશ્ય કરવો જોઈએ."-આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે; આગમમાં જ જેઓ દૃષ્ટિ આપતા હોય અર્થાદ્ આગમના જ અનુસારે જેઓ પ્રવૃત્તિ કરતા હોય તેઓએ શુષ્કતર્કનો અભિનિવેશ ત્યજવો જોઈએ. કોઈ પણ વસ્તુનો સ્વીકાર કરવાની ભાવના ન હોય અને માત્ર તેના નિરાકરણ માટે તર્કનું પ્રતિપાદન કરાય, ત્યારે તે તર્કને શુષ્કતર્ક કહેવાય છે. એવા શુષ્કતર્કનો આગ્રહ; આગમમાં જ જેમની દૃષ્ટિ સ્થિર છે એવા આત્માઓ માટે ઉચિત નથી. શ્રી સર્વજ્ઞપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ આગમ કરતાં પોતાના જ્ઞાન પ્રત્યે જ્યારે વધારે વિશ્વાસ હોય છે ત્યારે આ શુષ્કતર્કનો અભિનિવેશ જન્મે છે.

શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબની

આરાધનાથી પ્રાપ્ત થયેલા ક્ષયોપશમભાવના ક્ષમા મુક્તિ આર્જવ... .વગેરે ધર્મો પણ, મોક્ષસુખની પ્રાપ્તિ વખતે જ્યારે ત્યાજ્ય બને છે, ત્યારે કુતર્ક તો ચોક્કસ જ ત્યાજ્ય કોટિનો છે-એ સમજી શકાય છે. કોઈ પણ વસ્તુને વિશે (શુભાશુભવિષયમાં) ગ્રહ(આગ્રહ), અસઙ્ગાનુષ્ઠાનનો પ્રતિપંથી(વિરોધી-પ્રતિબંધક) છે. શ્લોકમાં **પ્રાયો ધર્મા**...અહીં **પ્રાયઃ**પદ ક્ષાયિકભાવના ધર્મોનો વ્યવચ્છેદ કરવા માટે છે. અર્થાદ્ મોક્ષસુખની પ્રાપ્તિમાં બધા ધર્મો ત્યાજ્ય બનતા નથી. પરંતુ ક્ષયોપશમભાવના ધર્મો ત્યાજ્ય બને છે, ક્ષાયિકભાવના ધર્મો ત્યાજ્ય બનતા નથી-એ અર્થને જણાવવા માટે **પ્રાયઃ** પદ છે.

યોગદષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૧૪૭-૧૪૮)એ વિષયમાં ફરમાવ્યું છે કે-"જે કારણથી પ્રાજ્ઞપુરુષો દ્વારા આજ સુધી અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરાયો નથી તેથી શુષ્કતર્કગ્રહ અત્યંત ભયંકર છે. મિથ્યાભિમાનનું કારણ હોવાથી મોક્ષની ઈચ્છાવાળાએ શુષ્કતર્કગ્રહનો ત્યાગ કરવો જોઈએ." (૧૪૭) "પરમાર્થથી કોઈ પણ વસ્તુમાં આગ્રહ રાખવો : એ મુમુક્ષુઓ માટે અસઙ્ગત છે. કારણ કે મુક્તિમાં પ્રાયે ધર્મો પણ ત્યજવાના છે, તો પછી આ કુતર્કગ્રહથી શું ? અર્થાદ્ એ તો કોઈ પણ સંયોગોમાં કરવો ના જોઈએ. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે અનુમાનના વિદ્વાનો જે રીતે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવા માટે શુષ્કતર્કનો આશ્રય કરે છે તે શ્રદ્ધેય નથી. અતીન્દ્રિય અર્થોના નિર્ણય માટે સર્વજ્ઞપરમાત્માના પરમતારક વચનને છોડીને બીજો

કોઈ ઉપાય નથી. અંતે કુતર્કનો ત્યાગ કરીને શ્રી સર્વજ્ઞ-પરમાત્માના પરમતારક વચનને અનુસરીને પાંચમી દૃષ્ટિને પામવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૨૩-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां
कुतर्कग्रहनिवृत्तिद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥